Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

卐 રજતજયંતિનું વર્ષ 卐

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૯૯

## ધન્ય આપણી ભારતભૂમિ !

આધુનિક દુનિયાના બધા દેશો કરતાં આપણા ભારતદેશનું ગૌરવ મહાન છે. જગતમાં સર્વશ્રેષ્ઠ એવા ચોવીસેય તીર્થંકર ભગવંતોને જન્મ દેવાનું લોકોત્તર ગૌરવ આપણા ભારતદેશને જ પ્રાપ્ત છે.

બીજા દેશો બાહ્ય સંપત્તિમાં કે બાહ્ય વિદ્યાઓમાં કદાચ ભલે આગળ વધેલા ગણાતા હોય, પણ કેવળજ્ઞાનરૂપ વીતરાગ–વિજ્ઞાનનો વારસો, અને સમ્યક્ત્વાદિ અધ્યાત્મ–સંપત્તિ, તો આપણા ભારતદેશ પાસે જ છે...આપણે એના વારસદાર છીએ. પરદેશ વસતો કોઈપણ ભારતીય ગૌરવપૂર્વક કહી શકે કે તીર્થંકર ભગવંતો મારા દેશમાં જન્મ્યા હતા; ને અમે એના વારસદાર છીએ.


૨૪ તીર્થંકર ભગવંતો મોક્ષ પણ આપણા ભારતદેશમાં જ પામ્યા; ૨૪ તીર્થંકરોની સિદ્ધભૂમિ થવાનું ગૌરવ પણ ભારતને જ પ્રાપ્ત છે.

આપણે આવા મહાન ભારતદેશના સંતાન છીએ–એ આપણું ગૌરવ છે; –પણ એ ગૌરવની સફળતા ત્યારે કે જ્યારે આપણે પણ એ તીર્થંકરોના જીવનઆદર્શને આપણા જીવનમાં ઝીલીએ...ને તેમના પંથે જઈએ.

તંત્રી : જગજીવન બાવચંદ દોશી * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૪, ભાદરવો ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૫ : અંક ૧૧

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# ભીંતે ઝુલે છે તલવાર...........




## [ મારે એની તલવાર.......ચેતે તેની ચેતના ]

જેમ તલવાર તો લટકતી હોય પણ જેનામાં તે પ્રકારની વીરતા હોય તે તેના ઉપયોગવડે શત્રુને મારે છે; હિંમત વગરનો માણસ હાથમાં તલવાર પકડીને ઊભો રહે –તેને માટે તલવાર શું કામની ? તેમ 'ચેતના' તો બધા જીવોમાં છે, પણ ચેતનાને અંતર્મુખ કરીને મોહને મારે તેની ચેતના સાચી; ધર્માત્માએ જ્ઞાનચેતનારૂપી તલવારવડે મોહને છેદી નાંખ્યો છે, જ્ઞાન અને રાગને જાુદા કરી નાંખ્યા છે. આ રીતે ભિન્ન ચૈતન્યને ચેતે તે સાચી ચેતના છે. જેમ 'મારે તેની તલવાર' તેમ 'ચેતે તેની ચેતના'.

અથવા, ભગવાન જિનદેવની વાણીમાં સ્વાશ્રયનો ઉપદેશ આવ્યો, તે જિનોપદેશને તીક્ષ્ણ અસિધારાની ઉપમા આપીને આચાર્યદેવ પ્રવચનસાર ગા. ૮૮ માં કહે છે કે–આ અતિ દીર્ઘ સંસારમાં જિનેશ્વરદેવનો ઉપદેશ મહા ભાગ્યથી મળે છે; તીક્ષ્ણ અસિધારા સમાન તે જિનોપદેશ પામીને શું કરવું? કે પુરુષાર્થ કરવો. ભગવાનનો ઉપદેશ સ્વસન્મુખ પુરુષાર્થનો છે. જેમ શૂરવીર પુરુષ તીક્ષ્ણ તલવારવડે દુશ્મનને ક્ષણમાત્રમાં છેદી નાંખે છે, તેમ ભગવાનના ઉપદેશરૂપ તીક્ષ્ણધારવાળી તલવાર પામીને શૂરવીર એવો મુમુક્ષુ જીવ અંતર્મુખ પુરુષાર્થવડે મોહાદિ શત્રુને ક્ષણમાત્રમાં છેદી નાંખે છે. ભાઈ, તારા હાથમાં જિનોપદેશરૂપ અત્યંત તીક્ષ્ણ તલવાર આવી, તો હવે શૂરવીર થઈને શુદ્ધોપયોગના બળવડે તે તલવારને ઝીંકીને મોહને હણી નાંખ. સમયસારમાં પણ પ્રજ્ઞાછીણી દ્વારા જ્ઞાન અને રાગની એકતાને છેદી નાંખવાનો ઉપદેશ છે. આ રીતે જિનવાણી મોહક્ષયનો પુરુષાર્થ કરાવે છે.

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વીર સં. ૨૪૯૪
ભાદરવો

* વર્ષ ૨૫ : અંક ૧૧ *

# નિજગુણની પ્રાપ્તિ માટે ભગવાનને ઓળખો

**પ્રભો ! મોક્ષમાર્ગના નાયક છો તમે કર્મગિરિના ભેદક છો;**
**અખિલ વિશ્વના જ્ઞાયક છો પ્રભુ તમે જ વંદન લાયક છો.**
**આપ જેવા પ્રભુ ગુણ અમારા, હું પણ એને ચાહું છું,**
**તે ગુણ - પ્રાપ્તિ હેતુ જિનવર હું ફરી ફરી તમને વંદું છું.**

**( પહેલી ચોપડીમાંથી )**

ભાઈ, તારું હિત ચાહતો હો તો ભગવાન અરિહંતદેવ સિવાય બીજા કોઈ દેવને માનવાનું છોડી દે; હિતનો સાચો માર્ગ દેખાડનારા ભગવાન અરિહંત જ છે. આવા વીતરાગભગવાનને છોડીને મોહી જીવોને કોણે ભજે ? - જે તીવ્ર મોહી હોય તે ભજે ! પણ જે વિવેકી પોતાનું હિત ચાહતો હોય તે તો કોઈ કુદેવને ભજે નહિ. ભાઈ ! મોહી જીવો તો તારા જેવા છે, એને ભજવાથી તો તારો મોહ જ પુષ્ટ થશે... ને તું સંસારમાં ડુબીશ. અરે ! તું જે પરમ સુખરૂપ ઈષ્ટપદને ઇચ્છે છે તે ઈષ્ટપદને પામેલા જીવ કેવા હોય તેને તો ઓળખ, તારા ઈષ્ટદેવને તો ઓળખ. પોતાના ઈષ્ટદેવને જ ન ઓળખે એની મૂર્ખતાની શી વાત !

દેવગુરુધર્મની ઓળખાણમાં જેની ભૂલ છે ને વિપરીતને સેવે છે તેને ગૃહીતમિથ્યાત્વ છે; અને તે ગૃહીતમિથ્યાત્વ ટાળીને સાચા દેવ-ગુરુને પૂજે છતાં જીવાદિ તત્ત્વોના યથાર્થ નિર્ણયમાં જેને ભૂલ છે તેને પણ હજી અગૃહીતમિથ્યાત્વ છે. સાચા દેવ-ગુરુ-ધર્મને ઓળખીને અને તેમણે કહેલા જીવાદિ તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ ઓળખીને શ્રદ્ધા કરતાં; ગૃહીત અને અગૃહીત બંને મિથ્યાત્વ ટળીને અપૂર્વ સમ્યગ્દર્શન થાય છે; તે મહાન કલ્યાણનું મૂળ છે.

માટે હે જીવ ! અરિહંતદેવને ઓળખ અને તેમણે દર્શાવેલા તારા શુદ્ધાત્મસ્વભાવને અનુભવમાં લે...... તો તને તારા સમ્યક્ત્વાદિ નિજગુણોની પ્રાપ્તિ થશે.

# ❁ ધર્માત્માની જ્ઞાનચેતના ( ૨ ) ❁

卐

આત્મધર્મના શ્રાવણઅંકમાં 'ધર્માત્માની જ્ઞાનચેતના' આપેલી-જે વાંચીને ઘણા જિજ્ઞાસુઓએ મહિમા અને પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરી છે. તે 'જ્ઞાનચેતના' સંબંધી ગુરુદેવના બીજા પ્રવચનોમાંથી પણ ઉત્તમ ભાવોનું દોહન અહીં આપીએ છીએ. આ પંચાવન પુષ્પોની પુષ્પાંજલિરૂપે પ્રગટ થતો ગતાંકના લેખનો બીજો ભાગ 'જ્ઞાનચેતના' ની ભાવનાને વધુ પુષ્ટ કરશે...ને જિજ્ઞાસુને આનંદિત કરશે. 'જ્ઞાનચેતના' ના ઊંડા ભાવોનું ઘોલન જીવને મહાન હિતકારી છે...ને અવશ્ય હરરોજ તે કર્તવ્ય છે. આવી જ્ઞાનચેતનાવંત જીવોનું ભક્તિપૂર્વક દર્શન પણ આનંદસહિત જ્ઞાનચેતનાની પ્રેરણા જગાડે છે. આપણું એ મહાન ભાગ્ય છે કે ગુરુપ્રતાપે એવું દર્શન આપણને રોજ પ્રાપ્ત થાય છે. ( સં. )

૧. ધર્માત્માને શુદ્ધ જ્ઞાનચેતનાનું પ્રગટવું, મોહ–રાગ–દ્વેષનો નાશ થવો ને અતીન્દ્રિય સુખનો અનુભવ થવો–આ બધું કાર્ય એક સાથે થાય છે.

૨. જ્ઞાનચેતનાને 'શુદ્ધ' વિશેષણ કહ્યું એટલે કે જ્ઞાનચેતના હંમેશા રાગ–દ્વેષ–મોહ વગરની જ હોય છે. ચોથા ગુણસ્થાનની જ્ઞાનચેતના પણ રાગ–દ્વેષ–મોહ વગરની શુદ્ધ છે; સ્વભાવમાં અંતર્મુખ થઈને તે આનંદરૂપ થઈ છે.

૩. આત્મા ત્રિકાળ જ્ઞાનચેતનાસ્વરૂપ છે; તેના અનુભવથી પર્યાયમાં જે જ્ઞાનચેતના પ્રગટી તે અતીન્દ્રિય આનંદસહિત પ્રગટી છે, મોહનો અભાવ કરીને પ્રગટી છે. અતીન્દ્રિય આનંદથી ભરેલું અસંખ્યપ્રદેશી ચૈતન્યધામ, તે જ્ઞાનચેતનાનું જન્મસ્થાન છે.

૪ ‘જ્ઞાનચેતના’ શેમાં રહે છે? શાસ્ત્રોના શબ્દોમાં જ્ઞાનચેતના નથી; જ્ઞાનચેતના તો ધર્માત્માની પરિણતિમાં રહે છે.

૫. ધર્માત્માની જ્ઞાનચેતના સદા ધર્માત્માની સાથે જ રહે છે; તે ચેતના સદાકાળ આનંદરૂપ છે. આનંદને નચાવતી અને મોહને તોડતી તે ચેતના કેવળજ્ઞાનને સાધે છે.

૬. જ્ઞાનચેતના પોતાના આત્માને ચેતે છે; અજ્ઞાનભાવોને તે છોડે છે ને શુદ્ધ જ્ઞાનમય –આનંદમય નિજાત્માને જ તે સેવે છે.

૭. ‘મારે તેની તલવાર’ –તલવાર તો પડી હોય પણ જેનામાં તે પ્રકારની વીરતા હોય તે તેના ઉપયોગ વડે શત્રુને મારે છે; હિંમત વગરનો માણસ હાથમાં તલવાર પકડીને ઊભો રહે–તેને માટે તલવાર શું કામની ? તેમ ‘ચેતના’ તો બધા જીવોમાં છે, પણ ચેતનાને અંતર્મુખ કરીને મોહને મારે તેની ચેતના સાચી; ધર્માત્માએ જ્ઞાનચેતનારૂપી તલવારવડે મોહને છેદી નાંખ્યો છે, જ્ઞાન અને રાગને જુદા કરી નાંખ્યા છે. આ રીતે ભિન્ન ચૈતન્યને ચેતે તે સાચી ચેતના છે. જેમ ‘મારે તેની તલવાર’, તેમ ‘ચેતે તેની ચેતના’.

૮. શુદ્ધચેતનાએ આત્માના અનંત મહિમાને પ્રગટ કર્યો છે. ચેતના વડે પ્રગટ થયેલો શુદ્ધ આત્માનો મહિમા સદા જયવંત રહેશે.

૯. આવી ચેતના કેમ પ્રગટે ? કે સ્વભાવની સન્મુખતાના સાચા અભ્યાસ વડે જ્ઞાનચેતના પ્રગટે છે. બહારના બીજા કોઈ ઉપાય વડે તે પ્રગટતી નથી.

૧૦. **પ્રશ્ન** :- અમે ઘણો પ્રયત્ન કરીએ છીએ પણ જ્ઞાનચેતના ખીલતી નથી!

**ઉત્તર** :- માત્ર શાસ્ત્રના અભ્યાસવડે કે શ્રવણ વડે જ્ઞાનચેતના નથી ખીલતી, પણ શાસ્ત્રમાં ને ઉપદેશમાં જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે અંતરમાં સ્વભાવને લક્ષગત કરીને તેની સન્મુખ થવાના ઉદ્યમ વડે જ જ્ઞાનચેતના ખીલે છે. અંદરમાં સ્વભાવ તરફનો પ્રયત્ન કરતાં જ્ઞાનચેતના પ્રગટયા વગર રહે નહિ. તે માટે ઘીણ તીવ્ર લગન હોના ચાહિએ.

૧૧. જ્ઞાનચેતના જ્ઞાનરૂપ છે, તેમાં પરદ્રવ્યનું કે રાગાદિ પરભાવનું જરાપણ ગ્રહણ નથી. અને પોતાનો જે અખંડ જ્ઞાનમય સ્વભાવ તેને તે ચેતના જરાપણ છોડતી નથી.

૧૨. આવી જ્ઞાનચેતના તે જૈનશાસનનો સાર છે; તેણે સ્વ–પરને ભિન્ન કર્યા છે; તેણે પોતાના નિજસ્વરૂપને ગ્રહણ કરીને સર્વે પરભાવોને પૃથક્ કર્યા છે; આનંદ સાથે તે તન્મય થઈ છે.

૧૩. શાસ્ત્રના જાણપણારૂપ વિદ્વત્તા જાુદી ચીજ છે ને જ્ઞાનચેતના જાુદી ચીજ છે. અજ્ઞાનીને રાગમાં એકત્વબુદ્ધિને લીધે, શાસ્ત્ર તરફનું જાણપણું તે પણ અજ્ઞાનચેતના છે. રાગથી તેની ચેતના જાુદી પડી નથી, ને જ્ઞાનસ્વભાવને તેણે ચેત્યો નથી ( અનુભવ્યો નથી ) તેથી તેને જ્ઞાનચેતના નથી.

૧૪. શુદ્ધઆત્માના સમસ્ત ગુણ-પર્યાયોમાં ચેતના રહે છે, ને તેનાથી અન્ય કોઈ ભાવોમાં ચેતના રહેતી નથી.–આ રીતે તેનામાં અવ્યાપ્તિ કે અતિવ્યાપ્તિ નથી, જેમ છે તેમ યથાર્થ નિજસ્વરૂપને તે સંચેતે છે–અનુભવે છે.

૧૫. અહો, ચૈતન્ય-પરમેશ્વરને ચેતનાએ પોતામાં દેખી લીધો....એટલે તે પરમ આનંદિત થઈ....અનુભવરસની ખુમારીમાં ચેતના એવી મસ્ત થઈ કે જગતમાં બીજા કોઈની આશા ન રહી.

૧૬. પોતામાં નિજ પરમેશ્વરના દર્શનથી જ્ઞાની-સમ્યગ્દ્રષ્ટિને જ્યાં ભેદજ્ઞાન થયું, ચૈતન્યભાવને અને રાગભાવને સ્વાદભેદ જાણીને ભિન્ન જાણ્યા, ત્યાં તે સમ્યગ્દ્રષ્ટિના પરિણામ જ્ઞાનમય જ હોય છે, રાગમય પરિણામ તેને નથી.

૧૭. **પ્રશ્ન** :- જ્ઞાનીનેય ચારિત્રમોહ વગેરેના ઉદયથી રાગાદિ વિચિત્ર પરિણામે તો વર્તે છે, છતાં તેના પરિણામ જ્ઞાનમય જ કેમ કહ્યા ?

**ઉત્તર** :- ભાઈ, તે રાગના કાળેય જ્ઞાનીનું જ્ઞાન કાંઈ રાગમય થઈ ગયું નથી, તે તો રાગથી જુદું જ જ્ઞાનસ્વભાવમાં તન્મય વર્તે છે. માટે રાગાદિ છે તે જ્ઞાનીનાં પરિણામ ખરેખર નથી, જ્ઞાનમય ભાવ તે જ જ્ઞાનીનાં પરિણામ છે.

૧૮. રાગના કાળે પણ જ્ઞાની તેને પોતાથી ભિન્નપણે જાણે છે, ને તે વખતના જ્ઞાનને પોતાથી અભિન્ન જાણે છે. માટે જ્ઞાનમયપરિણામ જ જ્ઞાનીને છે, સમ્યકત્વ-જ્ઞાન –આનંદ એ બધા શુદ્ધપરિણામો જ્ઞાનમાં સમાય છે, પણ રાગાદિ અશુદ્ધપરિણામો જ્ઞાનમાં સમાતા નથી.

૧૯. અજ્ઞાનીને રાગ વખતે રાગથી જાુદું જ્ઞાન ભાસતું નથી, એટલે તે તો પોતાને રાગમય જ અનુભવે છે, એટલે તેનો બધો અનુભવ અજ્ઞાનમય છે. આનંદસ્વરૂપ આત્માનું ભાન નથી, વેદન નથી, એટલે અજ્ઞાનમય ભાવને જ તે વેદે છે. આ રીતે અજ્ઞાનીના બધા ભાવો અજ્ઞાનમય છે, ને જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે.

૨૦. રાગાદિથી ભિન્ન પરિણમતો જ્ઞાની તે રાગાદિનો કર્તા કેમ હોય ? જ્ઞાનમાં તન્મય પરિણમતો જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે.

૨૧. રાગમાં તન્મય પરિણમતો અજ્ઞાની જ તે રાગાદિનો કર્તા છે. રાગ સાથે એકત્વબુદ્ધિ હોવાને લીધે તેના બધા પરિણામ રાગમય છે એટલે અજ્ઞાનમય છે, રાગથી ભિન્ન જ્ઞાનમય પરિણામ અજ્ઞાનીને હોતા નથી.

૨૨. આ રીતે જ્ઞાની અને અજ્ઞાનીના પરિણમનમાં મોટો તફાવત છે. આ ભેદને જે ઓળખે તેને જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન થઈને જ્ઞાનમય પરિણમન થયા વગર રહે નહીં.

૨૩. અજ્ઞાનીને રાગાદિ સાથે એકતારૂપ જે અશુદ્ધચેતના છે તે બંધનું કારણ છે.

જ્ઞાનીને રાગથી ભિન્ન પોતાના આનંદસ્વભાવને ચેતનારી જે જ્ઞાનચેતના છે તે મોક્ષનું કારણ છે.

૨૪. આ 'જ્ઞાનચેતના' જ જ્ઞાનીનું લક્ષણ છે. જ્ઞાનચેતના છે તે શુદ્ધઆત્માના અનુભવરૂપ છે. શાસ્ત્રોના જાણપણા ઉપરથી જ્ઞાનચેતનાનું માપ નથી, જ્ઞાનચેતના તો અંતરમાં આત્માના આનંદને ચેતનારી છે.

૨૫. અજ્ઞાનીને શાસ્ત્રોનું જાણપણું હોય તો પણ તેને શુદ્ધાત્માના વેદનરૂપ જ્ઞાનચેતના નથી, તેના બધા પરિણામ ( શાસ્ત્રનું જાણપણું પણ ) અજ્ઞાનચેતનારૂપ છે.

૨૬. જ્ઞાનીને શાસ્ત્રોનું જાણપણું ભલે વધતું-ઓછું હો પણ અંદર શુદ્ધઆત્માને દ્રષ્ટિમાં લઈને તેનો આત્મા શુદ્ધ જ્ઞાનચેતનારૂપે પરિણમી રહ્યો છે; તે જ્ઞાનચેતનામાં અજ્ઞાનનો અંશ પણ નથી.

૨૭. આવી જ્ઞાનચેતનામય જ્ઞાનીના પરિણામ હોવાથી તેના બધા પરિણામ જ્ઞાનમય છે. રાગ તે ખરેખર જ્ઞાનચેતનાના પરિણામ નથી, તે તો જ્ઞાનચેતનાથી બહાર જ છે. જ્ઞાનચેતના રાગને નથી સ્પર્શતી, જ્ઞાનચેતના તો શુદ્ધઆત્માને જ ચેતે છે.

અરે, આવી જ્ઞાનચેતનાને ઓળખે તો તેના અપાર મહિમાની ખબર પડે. સમ્યગ્દ્રષ્ટિના બધા પરિણામ જ્ઞાનમય થાય છે. જ્ઞાનીનું જ્ઞાન કયારેય રાગમય થતું નથી; એટલે તેના જ્ઞાનપરિણામ કદી બંધનું કારણ થતા નથી, અબંધસ્વરૂપ આત્મસ્વભાવમાં એકપણે પરિણમતું જ્ઞાન બંધનું કારણ કેમ હોય ? -ન જ હોય.

૨૮. સાધકદશામાં જે અલ્પ રાગાદિ છે તેમાં તો જ્ઞાનીને જ્ઞાનની તન્મયતા નથી; તો જેની સાથે તેને તન્મયતા નથી પણ ભિન્નતા છે તે બંધભાવોને જ્ઞાનીનાં પરિણામ કેમ કહેવાય ? તે બંધપરિણામને ધર્મીની દ્રષ્ટિ પોતામાં સ્વીકારતી નથી. તેના

જ્ઞાનપરિણામ રાગથી જુદા ને જુદા જ રહે છે. જ્ઞાન અને રાગના સ્વરૂપની આવી ભિન્નતાનો નિર્ણય કરતાં પોતામાં જરૂર ભેદજ્ઞાન થાય છે.

૨૯. અજ્ઞાનીને પર્યાયેપર્યાયે રાગાદિ બંધભાવો સાથે એકત્વબુદ્ધિ છે, એટલે તેના બધા ભાવો અજ્ઞાનમય છે. ભિન્ન જ્ઞાનની તો તેને ખબર નથી. અશુભ કે શુભ બંને ભાવ વખતે અજ્ઞાની પોતાને રાગમય અશુદ્ધ જ દેખે છે, એનાથી જુદું સ્વરૂપ એને ભાસતું નથી; તેથી તેને અજ્ઞાનચેતના છે–અશુદ્ધચેતના છે.

૩૦. પાપના અશુભ કે પુણ્યના શુભ તે બધા પરિણામો જ્ઞાનમાંથી ઉપજેલા નથી પણ અશુદ્ધજાતિમાંથી જ ઉપજ્યા છે, એટલે તે ભાવો જ્ઞાનમય નથી પણ અજ્ઞાનમય છે, અશુદ્ધ છે. જ્ઞાનીને, શુભ–અશુભ વખતેય તેનાથી જુદી નિર્મળ જ્ઞાનધારા ચાલી રહી છે; – તેથી તેને જ્ઞાનચેતના છે, શુદ્ધચેતના છે.

૩૧. શુભ કે અશુભપરિણામ તથા તે સંબંધી બાહ્યક્રિયા, તો અજ્ઞાનીને હોય, જ્ઞાનીને પણ હોય, બંનેને એકસરખા જેવું દેખાય, પણ તે જ વખતે અંતરની પરિણામ–ધારામાં બંને વચ્ચે મોટો ફેર છે. જ્ઞાનીનું જ્ઞાન તો તે જ વખતે રાગાદિથી વેગળું રહીને પરિણમે છે, ને અજ્ઞાની રાગાદિમાં તન્મયબુદ્ધિથી વર્તે છે; એટલે જ્ઞાની જ્ઞાનમય પરિણામમાં અબંધપણે વર્તી રહ્યા છે, ને અજ્ઞાની રાગાદિ બંધભાવોમાં વર્તી રહ્યો છે.

૩૨. જ્ઞાન ને રાગની ભિન્નતા પોતાના લક્ષમાં આવ્યા વગર જ્ઞાની અને અજ્ઞાનીનો ફેર સમજાય નહિ. જ્ઞાનીને જે ભેદજ્ઞાન થયું છે તે જ્ઞાન શુભાશુભ વખતેય ખસતું નથી, શુભાશુભમાં તેનું જ્ઞાન ભળી જતું નથી પણ ભિન્ન જ રહે છે. આવી ભિન્નતાનું ભાન તે જ્ઞાનચેતના છે; ને આવી જ્ઞાનચેતના બંધનું કારણ થતી નથી. જ્ઞાનીને જ આવી જ્ઞાનચેતના હોય છે.

૩૩. નિર્વિકલ્પતા વખતે જ ધર્મીને જ્ઞાનચેતના હોય ને અશુભ કે શુભરાગ વખતે તે જ્ઞાનચેતના ચાલી જાય– એમ નથી. ચૈતન્યસ્વભાવને અવલંબનારી જ્ઞાનચેતના તેને સદાય વર્તે છે. રાગ વખતે તેની ચેતના રાગમય થઈ જતી નથી, પણ રાગથી ભિન્ન શુદ્ધાત્માને ચેતતી થકી તે ચેતના તો ચેતનામય જ રહે છે. માટે જ્ઞાનીને સદાય ચેતનભાવરૂપી પરિણામ વર્તે છે. તે ભાવ બંધનું કારણ નથી, તે અબંધભાવ છે, ને તે મોક્ષનું કારણ છે.

૩૪. અહો, ચૈતન્યસ્વભાવનો જેને પ્રેમ જામ્યો છે તેનાં પરિણામ તેવી જાતનાં જ હોય છે. દ્રવ્યનો એવો જ શુદ્ધસ્વભાવ છે કે તેના આશ્રયે શુદ્ધતા જ પરિણમે

છે. અને રાગાદિમાં તન્મયબુદ્ધિથી અજ્ઞાનીને બધા અશુદ્ધપરિણામ જ થાય છે, તે અજ્ઞાનમય જ છે.

૩૫. જ્ઞાની અને અજ્ઞાનીના પરિણમનમાં આ મોટો ફેર છે. અજ્ઞાની ભિન્નજ્ઞાનને ભૂલીને રાગાદિ બંધભાવના અનુભવમાં જ અટકી જાય છે એટલે તેને બંધન જ જ થાય છે, શુદ્ધતા જરાય થતી નથી. અને જ્ઞાની તો રાગથી ભિન્ન જ્ઞાનમય ભાવમાં પરિણમતો થકો મોક્ષને સાધે છે, તેને બંધન થતું નથી, તેને શુદ્ધતા થતી જાય છે. આ રીતે જ્ઞાનીના બધા ભાવો જ્ઞાનમય છે; એની જ્ઞાનચેતનાનો કોઈ અપાર મહિમા છે કે જે મોક્ષને સાધે છે.

૩૬. જ્ઞાનચેતનામાં અનંતગુણનો રસ સમાય છે, ને છોડવા યોગ્ય બધા ભાવો છૂટી જાય છે. –

**जो अपना था सो रह गया : जो दूसरा था सो छूट गया।**

રહનેવાલા રહ ગયા; છૂટનેવાલા છૂટ ગયા.

૩૭. શુદ્ધસ્વરૂપના અનુભવવડે ચેતનાએ સર્વ કાર્યસિદ્ધિ કરી લીધી છે. મહા આનંદરૂપ શુદ્ધસ્વરૂપ પ્રાપ્ત થયું – પછી શું કરવાનું બાકી રહ્યું? શુદ્ધસ્વરૂપના અનુભવમાં જ્ઞાની કૃતકૃત્ય છે.

૩૮. મોક્ષમાર્ગ અને મોક્ષ બંને ‘જ્ઞાનચેતના’ માં સમાય છે; સાધકભાવ ને સાધ્યભાવ બંને જ્ઞાનચેતનારૂપ છે. સમ્યગ્દર્શન ને મુનિપણું પણ જ્ઞાનચેતનામાં સમાય છે. જ્ઞાનચેતનામાં આત્માના સર્વે ધર્મો સમાય છે. જ્ઞાનચેતના વગર કોઈ ધર્મ હોતો નથી.

૩૯. અરહિંતદેવ જ્ઞાનચેતનારૂપ છે, ગુરુ પણ જ્ઞાનચેતનારૂપ પરિણમેલા છે; વીતરાગી–શાસ્ત્રો પણ જ્ઞાનચેતનારૂપ થવાનું જ ઉપદેશે છે. આવી જ્ઞાનચેતના પોતામાં પ્રગટયા વગર દેવ–ગુરુ–શાસ્ત્રની ખરી ઓળખાણ કે ઉપાસના થતી નથી. પોતામાં જ્ઞાનચેતના પ્રગટ કરે ત્યારે જ જ્ઞાનચેતનારૂપ એવા દેવ–ગુરુ–શાસ્ત્રની ખરી ઓળખાણ થાય છે ને ત્યારે જ તેમની ખરી ઉપાસના થાય છે.

૪૦. રાગમાં ઊભેલો જીવ જ્ઞાનચેતનાને નહિ ઓળખી શકે. રાગથી જુદો પડીને શુદ્ધસ્વરૂપને ચેતનારો જીવ જ જ્ઞાનચેતનાને ઓળખશે; તે પોતે જ્ઞાનચેતનારૂપ થઈને જ્ઞાનચેતનાને ઓળખે છે; અને તે જ જ્ઞાનીને ઓળખે છે.

૪૧. જ્ઞાનચેતનાના આનંદનો પરમ સ્વાદ જેણે ચાખ્યો તેને જગતના બધા વિષયો અત્યંત નીરસ ભાસે છે, તેમાં ક્યાંય સુખ દેખાતું નથી.

૪૨. જેણે જ્ઞાનચેતનાના આનંદનો પરમ સ્વાદ ચાખ્યો નથી તે જીવને બાહ્યવિષયો મીઠા લાગે છે – તેમાં તેને સુખ લાગે છે; પરંતુ તે અજ્ઞાનચેતનામાં સુખ નથી, પણ દુઃખ જ છે.

૪૩. ચેતનાને અંતર્મુખ કરીને શુદ્ધસ્વરૂપને અનુભવતાં અમૃતરસની ધારા ઉલ્લસે છે –અતીન્દ્રિયઆનંદથી ચૈતન્યદરિયો ઉલ્લસે છે. આવા અનુભવમાં સર્વસિદ્ધિ છે.

૪૪. અહા, પરથી ભિન્ન આત્માને અનુભવનારી ચેતના જ્યાં પ્રગટી ત્યાં તેમાં જ્ઞાનને દેહ હોવાની શંકા કેમ રહે? શરીર તો આહારનું બન્યું છે, ને આહાર તો પુદ્‌ગલમય છે; તે પુદ્‌ગલમય આહાર જ્ઞાનમાં નથી તોપછી જ્ઞાનને શરીર કેમ હોય ? ને જ્ઞાનીને દેહની શંકા કેમ હોય ? – ન જ હોય. જ્ઞાન તો અશરીરી છે.

૪૫. અહો, અશરીરી – ચેતના, તેમાં કર્મનો આહારનો કે શરીરનો પ્રવેશ જ ક્યાં છે? જે ચેતનામાં રાગનોય પ્રવેશ નથી તેમાં મૂર્તિકવસ્તુનો પ્રવેશ કેવો ?

૪૬. અહીં તો કહે છે કે જેણે સ્વાનુભવ વડે શુદ્ધ આત્માને સાધ્યો છે એવા જીવને શરીર જ નથી. 'સાધક છે ને ?' ભલે સાધક હો, પણ તે પોતાના જીવસ્વરૂપને શરીરથી જુદું જ અનુભવે છે, શરીરને સ્વદ્રવ્યપણે નહિ પણ પરદ્રવ્યપણે જ દેખે છે, માટે શરીર તેને છે જ નહિ. શરીર પુદ્‌ગલનું –અજીવનું છે. સાધકજીવનું નથી.

૪૭. ચેતનાવડે થતો જે શુદ્ધસ્વરૂપનો અનુભવ તે જ મોક્ષમાર્ગ છે. માટે મોક્ષાર્થીએ નિરંતર આવો અનુભવ કરવાયોગ્ય છે.

૪૮. સાધકને જ્ઞાનચેતના અને તે જ વખતે રાગાદિ અશુદ્ધભાવો – બંને એક જ પર્યાયમાં એક સાથે હોવા છતાં, જે રાગાદિ અશુદ્ધભાવો છે તે જ્ઞાનચેતનાથી બાહ્યસ્થિત છે, જ્ઞાનચેતનામાં તેમનો પ્રવેશ નથી. જ્ઞાનચેતના અંતરંગ શુદ્ધસ્વરૂપમાં સ્થિત છે, ને રાગાદિ તો બાહ્યસ્થિત છે. બંનેને તદ્દન ભિન્નતા છે, તેમને જરાય કર્તા–કર્મપણું કે કારણ–કાર્યપણું નથી. રાગ કદી ચેતનાનું કારણ ન થાય; ચેતના કદી રાગને ન કરે.

૪૯. જુઓ આ જ્ઞાનીની ઓળખાણ! જ્ઞાની શું કામ કરે છે ? કે જ્ઞાનચેતનાને જ્ઞાની કરે છે. જ્ઞાનચેતનાથી જુદું કોઈ કાર્ય જ્ઞાનીનું નથી. આવા કાર્ય વડે જ્ઞાની ઓળખાય છે. એ સિવાય જડનાં કામ વડે રાગનાં કામ વડે જ્ઞાની નથી ઓળખાતા; આને આવી શરીરની ક્રિયા છે અથવા આને આવા પ્રકારનો

રાગ છે – માટે તે જ્ઞાની છે એમ ઓળખી શકાતું નથી, પણ આને જ્ઞાનચેતના છે માટે તે જ્ઞાની છે – એમ ઓળખાય છે.

૫૦. જે મુમુક્ષુ છે, મોક્ષ જ જેને ઉપાદેય છે, એ સિવાય સંસારસંબંધી કાંઈ જેને વહાલું નથી – તે શું કરે ? કે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરે, કેમકે શુદ્ધસ્વરૂપનો અનુભવ તે જ મોક્ષમાર્ગ છે. શુદ્ધસ્વરૂપનો જે અનુભવ તે એક જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. શુદ્ધસ્વરૂપના અનુભવરૂપ આવો મોક્ષમાર્ગ જે સેવે તે જ ખરો મુમુક્ષુ છે.

૫૧. ખરો મુમુક્ષુ એટલે કે જ્ઞાનચેતનાવંત સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્મા શુદ્ધસ્વરૂપના નિરંતર અનુભવ વડે દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ એક નિશ્ચયમોક્ષમાર્ગને સેવતો થકો અલ્પકાળમાં જ સમયસારના સારરૂપ મોક્ષને અનુભવે છે. તેથી આવા મોક્ષમાર્ગની ઉપાસનાનો ઉપદેશ આપતાં આચાર્યદેવ કહે છે છે –

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને,**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે.**

૫૨. ધર્માત્મા પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને ધ્યેય બનાવીને, વારંવાર તેનું ધ્યાન કરે છે; નિરંતર પોતાને શુદ્ધચૈતન્યસ્વરૂપે જ અનુભવતાં તેને જ્ઞાનચેતનાની અખંડધારા ચાલે છે.. ને તે પરમ આનંદરૂપ મોક્ષને સાધે છે.

૫૩. પરમ આનંદનો સ્વાદ લેવા અને મોક્ષને સાધવા હે જીવ ! તું પણ આવી જ્ઞાનચેતનારૂપ થા.

૫૪. આવી જ્ઞાનચેતનાવડે સાધકજીવો પંચપરમેષ્ઠીપદને પામે છે.

૫૫. પંચાવન – રત્નોથી આ રત્નમાળા પ્રત્યક્ષ પરમ ઉપકારી જ્ઞાનચેતનાવંત સન્તોને પરમ ભક્તિપૂર્વક પહેરાવીએ છીએ.

(બ્ર.હ.જૈન)

૫૫

# શ્રી ગુરુ જીવોને સુખકર ઉપદેશ આપે છે

( ૨ )

[ છહ્ઢાળાના મંગલાચરણમાં વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કર્યા છે, તેમાં રહેલા ભાવોનું વિવેચન આપે અષાઢ માસના અંકમાં વાંચ્યું; હવે શ્રીગુરુ ભવ્ય જીવોને કેવો ઉપદેશ આપે છે તેની ઉત્થાનિકા આપ આ પ્રવચનમાં વાંચશો, સાથે સાથે શ્રોતા-શિષ્ય કેવો છે તેનું પણ વિવેચન વાંચશો. -સં. ]

જગતના જીવો દુઃખથી ભયભીત છે ને સુખને ઈચ્છે છે; તેથી જીવોનું દુઃખ મટે ને સુખ થાય–એવો ઉપદેશ શ્રીગુરુએ કરુણા કરીને આપ્યો છે. શ્રીગુરુએ શાસ્ત્રમાં જે હિતોપદેશ દીધો છે તે–અનુસાર આ છહ્ઢાળામાં કહીશું. –

## ગાથા-૧

जे त्रिभुवनमें जीव अनन्त, सुख चाहैं दुखतें भयवन्त्
तातैं दुखहारी सुखकार, कहें सीख गुरु करुणा धार ।। १ ।।

ત્રણ લોકમાં સાર વીતરાગવિજ્ઞાન છે–એમ બતાવીને હવે તે વીતરાગવિજ્ઞાન પ્રગટ કરવાનો ઉપદેશ આપે છે. ત્રણ લોકમાં જે અનંત જીવો છે તેઓ સુખને ચાહે છે ને દુઃખથી ડરે છે, તેથી તેમને સુખ કેમ થાય ને દુઃખ કેમ ટળે?–એવા મોક્ષ માર્ગનો હિતકારી ઉપદેશ કરુણાધારી શ્રીગુરુ આપે છે. મોક્ષમાર્ગ કહો કે વીતરાગીવિજ્ઞાન કહો, તેના વડે જ જીવોને સુખ થાય છે ને દુઃખ મટે છે. તેથી જ્ઞાની ગુરુઓએ કરુણા કરીને જીવોને તેની શિખામણ આપી છે, તેનો ઉપદેશ આપ્યો છે.

અરે, જીવો અજ્ઞાનભાવથી ચાર ગતિના દુઃખોમાં તરફડી રહ્યા છે. જ્ઞાની પોતે પૂર્વે અજ્ઞાનદશામાં એવું દુઃખ વેદી ચૂકયા છે ને આત્માનું સાચું સુખ પણ તેમણે ચાખ્યું છે, તેથી જગતના જીવો ઉપર તેમને પ્રશસ્ત કરુણા આવે છે કે અરે, અજ્ઞાનના આ ઘોર દુઃખોથી જીવો છૂટે ને સાચું આત્મસુખ પામે. આવી કરુણાથી, દુઃખનું કારણ જે મિથ્યાત્વ તેને છોડવાનો અને સુખનું કારણ સમ્યગ્દર્શન–જ્ઞાન–

ચારિત્ર તેને અંગીકાર કરવાનો ઉપદેશ દીધો છે. તારું કલ્યાણ ચાહતો હો તો હે જીવ! તું આ ઉપદેશને સ્થિર મનથી સાંભળ, એમ બીજી ગાથામાં કહેશે.

જુઓ તો ખરા સન્તોની કરુણા! પ્રવચનસારમાં પણ કહે છે કે–''પરમ આનંદરૂપી સુધારસના પિપાસુ ભવ્ય જીવોના હિતને માટે......આ ટીકા કરવામાં આવે છે.'' અતીન્દ્રિય આનંદરસની જેને તરસ લાગી છે એવા જીવને તે અતીન્દ્રિય આનંદનું એવું સ્વરૂપ સમજાવે છે કે જે સમજતાં અપૂર્વ આનંદસહિત સમ્યગ્દર્શન થાય.

પરમાત્મપ્રકાશની ઉત્થાનિકામાં પણ પ્રભાકર–શિષ્ય શ્રીગુરુને વિનંતિ કરે છે કે હે સ્વામી! આ સંસારમાં ભમતાં ભમતાં મારો અનંતકાળ વીતી ગયો પણ હું સુખ જરાય ન પામ્યો, મહાન દુઃખ જ પામ્યો. અનંતવાર ઉત્તમકુળ વગેરે સામગ્રી મળી છતાં હું જરાય સુખ ન પામ્યો; સ્વર્ગમાં પણ મને સુખ ન મળ્યું, વીતરાગી પરમાનંદસુખનો સ્વાદ મેં કદી ન ચાખ્યો. આ પ્રમાણે પોતાના ભાવ નિર્મળ કરીને શિષ્ય વિનવે છે કે હે ગુરુ! આ ચાર ગતિના દુઃખથી સંતપ્ત એવા મને, પ્રસન્ન થઈને તમે કોઈ એવું પરમાત્મતત્ત્વ બતાવો કે જેને જાણવાથી ચાર ગતિનાં દુઃખનો નાશ થાય ને આનંદ પ્રગટે. ત્યારે શ્રીગુરુ કહે છે કે એવું સ્વરૂપ હું તને કહું છું, તે 'णिसुणि तुहुँ' તું સાંભળ. આમ જે જીવ અંદરથી ધા નાંખતો જિજ્ઞાસુ થઈને આવ્યો છે તેને માટે આ હિતનો ઉપદેશ છે.

ચાર ગતિમાં કુલ અનંતા જીવો છે. મનુષ્યમાં અસંખ્યાતા છે, નરકમાં અસંખ્યાતા છે, દેવલોકમાં અસંખ્યાતા છે અને તિર્યંચમાં અનંતા છે; તિર્યંચમાં બે ઈન્દ્રિથી પંચેન્દ્રિય જીવો તો અસંખ્યાતા જ છે પણ એકેન્દ્રિ જીવો અનંત છે, મિથ્યાત્વને લીધે તે બધાય જીવો મહા દુઃખી છે. એ બધાય જીવો દુઃખથી તો ડરે છે, ને સુખને જ ચાહે છે ,પણ તે સુખ કયાં છે ને કેમ પ્રગટે? તેનો ઉપાય જાણતા નથી, દુઃખ કેમ છે ને કેમ ટળે? તેની તેને ખબર નથી, એટલે સુખને માટે બહારમાં ને બહારમાં ઝાવાં નાંખે છે, પણ એ બહારના ઉપાયથી તેનું દુઃખ મટતું નથી ને એને સુખ થતું નથી. તેથી તે જીવો ઉપર કરુણા કરીને દુઃખથી છૂટવાનો ઉપાય સન્તોએ બતાવ્યો છે. હે જીવ! તારો મિથ્યાત્વભાવ જ તને દુઃખનું કારણ છે, એટલે તારી ભૂલથી જ તું દુઃખી છો, સાચા ભેદજ્ઞાન વડે એ ભૂલ મટાડ અને સમ્યક્ત્વાદિ પ્રગટ કર, –એ જ સુખી થવાનો ઉપાય છે.

હે જીવ! તારા દોષે તને બંધન છે–એ સંતની પહેલી શિક્ષા છે. તારો દોષ એટલો કે પરને પોતાનું માનવું, ને પોતે પોતાને ભૂલી જવું. [ શ્રીમદ્ રાજચંદ્ર ]

જુઓને, સુખને માટે જગતના જીવો કેવા વલખાં મારે છે! જાણે રૂપિયામાંથી સુખ લઈ લઉં! જાણે રૂપાળા શરીરમાંથી કે બંગલામાંથી સુખ લઈ લઉં! એમ બહારમાં વલખાં મારે છે. અરે, ઘરબાર છોડીને, શરીરને પણ છોડીને (–આપઘાત કરીનેય) સુખી થવા ને દુઃખથી છૂટવા માંગે છે. ભલે એના એ ઉપાયો સાચા નથી, પણ એટલું તો નકકી થાય છે કે જીવો સુખને ચાહે છે ને દુઃખથી છૂટવા માંગે છે.

સુખને કોણ ન ઈચ્છે! સુખને ન ઈચ્છે તે કાં સિદ્ધ – વીતરાગ, કાં નાસ્તિક અને કાં જડ! એકેન્દ્રિયાદિ જીવોને ભલે મન કે વિચારશક્તિ નથી, છતાં અવ્યક્તપણે પણ તેઓ સુખને જ ઈચ્છે છે. એ પ્રમાણે જગતના અનંતા જીવોને સુખની જ ચાહના છે, ને દુઃખનો ત્રાસ છે. સુખને ચાહતા હોવા છતાં, સાચું સુખ કોને કહેવાય ને તે સુખ કેવા ઉપાયથી પ્રગટે તે જાણતા નથી. તેથી અહીં શ્રીગુરુ તેનો ઉપદેશ આપે છે. ગુરુ એટલે દિગંબર આચાર્ય–સન્ત તે અહીં મુખ્ય છે. જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપી ગુણમાં જે મોટા છે એવા ગુરુઓએ વીતરાગવિજ્ઞાનરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને જગતના જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે. પોતાને તેવો રાગ બાકી હતો ને જગતના જીવોનાં ભાગ્ય હતા તેથી કુંદકુંદાદિ ગુરુઓએ જગતને મોક્ષમાર્ગનો પરમ હિતકર ઉપદેશ દીધો છે. કુંદકુંદસ્વામી પોતે કહે છે કે અમારા ગુરુઓએ અનુગ્રહપૂર્વક અમને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો હતો.... તે અનુસાર હું આ સમયસારમાં શુદ્ધાત્મા દેખાડું છું; તેને હે ભવ્યજીવો! તમે સ્વાનુભવથી જાણો.

**શ્રીમદ્ રાજચંદ્રજી પણ આત્મસિદ્ધિમાં કહે છે કે-**

**કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;**
**માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ.**

અરે, બાહ્ય ક્રિયામાં ને બહારના લુખા જાણપણામાં જીવો ધર્મ એટલે કે મોક્ષમાર્ગ માની રહ્યા છે, તે જોઈને જ્ઞાનીને કરુણા ઊપજે છે; તેથી તેમણે જગતને સાચો મોક્ષમાર્ગ સમજાવ્યો છે. દુઃખ કેમ છે ? – કે 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' ભાઈ! તારા આત્માનું સ્વરૂપ ન સમજવાથી તું અનંતદુઃખ પામ્યો....તે સ્વરૂપ શ્રીગુરુ તને સમજાવે છે... તે સમજ તો તારું દુઃખ મટશે, ને તને પરમ આનંદ થશે. (સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્ગુરુ ભગવંત.)

વાહ! વીતરાગમાર્ગી સન્તોએ પોતે મોક્ષને સાધતાં સાધતાં જગતના જીવોને પણ હિતનો ઉપદેશ આપ્યો છે : અરે પ્રાણીઓ! તમારા હિત માટે આત્માનું સ્વરૂપ તમે સમજો. પં. દૌલતરામજી કહે છે કે એ પ્રમાણે શ્રીગુરુઓએ આત્માના ભલા માટે જે હિતોપદેશ આપ્યો તે જ હું આ છ–ઢાળામાં કહીશ. ભલે આ શાસ્ત્ર નાનું

છે, પણ તેમાં ઉપદેશ તો જે મુનિઓએ આપ્યો છે તે–અનુસાર જ હું કહીશ; એથી વિપરીત નહીં કહું.

જે જીવ ગરજાૂ થઈને આવ્યો છે, પોતાના હિત માટે ધર્મનો જિજ્ઞાસુ થઈને આવ્યો છે એવા જીવોને માટે આ વાત છે. જેને પોતાના હિતની કાંઈ દરકાર જ ન હોય–એવા જીવોનું તો શું કહેવું? પં. ટોડરમલ્લજી મોક્ષમાર્ગપ્રકાશકમાં કહે છે કે જે ધર્મના લોભી હોય, ધર્મ સમજવાના ગરજવાન હોય એવા જીવોને આચાર્ય ધર્મોપદેશ આપે છે. આચાર્ય મુખ્યપણે તો નિર્વિકલ્પ સ્વરૂપાચરણ વિષે જ નિમગ્ન છે, પરંતુ કદાચિત્ ધર્મલોભી વગેરે અન્ય જીવોને દેખી રાગના ઉદયથી કરુણાબુદ્ધિ થાય તો તેમને ધર્મોપદેશ આપે છે. આહા, એ સતોનું મુખ્ય કામ તો સ્વરૂપમાં લીન થઈને પરમાનંદને સાધવાનું છે, પણ ક્યારેક વિકલ્પ ઊઠતાં ધર્મોપદેશ આપે છે.

અરે, આવા ઉપદેશદાતા ગુરુનો જોગ મળવા છતાં પણ જે જીવ તે ઉપદેશ ન સાંભળે એને તો આત્માની દરકાર જ નથી, સંસારના દુઃખનો એને હજી થાક નથી લાગ્યો. અહીં તો સંસારથી થાકીને આત્માની શાંતિ લેવા ચાહતો હોય એવા જિજ્ઞાસુ જીવોને માટે વાત છે.

દેહથી ભિન્ન આત્માને જાણનારા, ને રાગથી ભિન્ન આનંદને અનુભવનારા એવા વીતરાગી મુનિ, જેઓ રત્નત્રયના ધારક છે ને મોક્ષના સાધક છે, ત્રણ કષાય ચોકડીનો જેમને અભાવ છે, પ્રચુર વીતરાગી સ્વસંવેદન જેમને વર્તે છે, એવા ગુરુ કરુણા કરીને ૮૪ લાખ યોનિના દુઃખી જીવોને માટે હિતની શિક્ષા એટલે કે શિખામણ–ઉપદેશ આપે છે. –કેવો ઉપદેશ આપે છે? કે દુઃખનો નાશ કરનાર અને સુખની પ્રાપ્તિ કરાવનાર.

જુઓ, આમાં દુઃખનો એટલે વિકારનો વ્યય, ને આનંદની ઉત્પત્તિ–એવા ઉત્પાદ –વ્યય આવી ગયા, ને દુઃખથી છૂટીને તે જ આત્મા સુખપર્યાયમાં કાયમ ટકી રહે છે એવી ધ્રુવતા પણ આવી ગઈ. અહો, વીતરાગમાર્ગ અલૌકિક છે. સન્તોને સ્વસંવેદનરૂપ વીતરાગવિજ્ઞાન ભલે અધૂરું છે પણ તે કેવળજ્ઞાનની જાતનું છે, અધરું છતાં રાગ વગરનું છે. આવા વીતરાગી સન્તોએ જગતને વીતરાગતાની શિખામણ આપી છે. કેવળજ્ઞાનને સાધનારા સન્તોએ જે વીતરાગવિજ્ઞાનરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો છે તે જ આ છ–ઢાળામાં સંક્ષેપથી કહેવાશે. એટલે આ શાસ્ત્ર ભલે નાનું, પણ પ્રમાણભૂત છે. આ તો પાઠશાળાના વિદ્યાર્થીઓને તેમ જ ઘરે ઘરે શીખવવા જેવું પુસ્તક છે. તદ્દન સાદી શૈલિમાં ઘણું તત્ત્વ સમજાવ્યું છે.

આ શાસ્ત્રમાં અને સર્વે વીતરાગી શાસ્ત્રોમાં આત્માને સુખ દેનાર ને દુઃખથી છોડાવનાર એવો ઉપદેશ આપ્યો છે. સન્તોનો ઉપદેશ, સન્તોની શિખામણ એ છે કે જેનાથી વિકારનો–દુઃખનો નાશ થાય ને સુખની પ્રાપ્તિ થાય. વિકાર તે દુઃખ છે, તેના નાશનો ઉપદેશ છે, એટલે નિર્વિકાર દશા પ્રગટ કરવાનો ઉપદેશ છે. રાગના નાશનો ઉપદેશ છે, ને વીતરાગભાવ પ્રગટાવવાનો ઉપદેશ છે. આવો ઉપદેશ તે ઈષ્ટોપદેશ છે. ઈષ્ટ–ઉપદેશ એટલે હિતનો ઉપદેશ, પ્રિય ઉપદેશ. તે ઉપદેશની સમજણનું ફળ એ છે કે ભેદવિજ્ઞાન થઈને દુઃખનો નાશ થાય ને સુખનો અનુભવ પ્રગટે.–જીવને એ જ ઈષ્ટ છે, એ જ પ્રયોજન છે, એ જ સાર છે. આનો અર્થ એ થયો કે પ્રથમ મંગળરૂપે જે વીતરાગવિજ્ઞાનને વંદન કર્યા તે વીતરાગવિજ્ઞાન ઉત્પન્ન થવાનો ઉપદેશ જૈનધર્મના ચારે અનુયોગમાં આપ્યો છે, ચારે અનુયોગ વીતરાગવિજ્ઞાનના જ પોષક છે. અને આ પુસ્તકમાં પણ તેનો જ ઉપદેશ કરશે. તેને હે ભવ્યો ! તમે પ્રીતિપૂર્વક સાંભળો.

સંસારમાં ભમતાં અનંતકાળે મોંઘું એવું સંજ્ઞીપણું જેને પ્રાપ્ત થયું છે, અને તેમાં પણ આત્મહિતની શિખામણ સમજવા જેટલી વિચારશક્તિ ખીલી છે, એ પ્રકારની જ્ઞાનની તાકાત છે, અને સમજવાની જિજ્ઞાસા છે, એવા જીવોને આ ઉપદેશ શ્રીગુરુ કરુણાપૂર્વક સંભળાવે છે.

દુઃખનો નાશ, સુખની પ્રાપ્તિ–બસ, આમાં મોક્ષમાર્ગ આવી ગયો. દુઃખનું કારણ મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્ર તેનો જિનવાણી નાશ કરાવે છે, અને સુખનું કારણ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે પ્રગટ કરાવે છે. જે ભાવવડે દુઃખનો નાશ ન થાય ને સુખનો અનુભવ ન થાય તે ભાવને ભગવાન ધર્મ કહેતા નથી, તેને મોક્ષમાર્ગ કહેતા નથી; ને એવા ભાવનું સેવન કરવાનું જેમાં કહ્યું હોય તે ઉપદેશ સાચો નથી, હિતકર નથી, ઈષ્ટ નથી. સંતોએ તો જેનાથી જીવનું ભલું થાય એવા વીતરાગવિજ્ઞાનની જ શિખામણ આપી છે, તેને જ ધર્મ કહ્યો છે.

ત્રણ લોકમાં કોઈ જીવોને દુઃખ ગમતું નથી; દુઃખથી બધા જીવો ડરે છે. શું નિગોદના જીવો પણ દુઃખથી ડરે છે? –હા, અવ્યક્તપણે તે પણ દુઃખથી છૂટવા જ માંગે છે. દરેક જીવનો સ્વભાવ જ એવો છે કે સુખ જ તેનું સ્વરૂપ છે, ને દુઃખ તેનું સ્વરૂપ નથી. કોઈવાર અપમાન વગેરેના દુઃખ આડે શરીર છોડીનેય તે દુઃખથી છૂટીને સુખી થવા માંગે છે, શરીર રહિત એકલો રહીનેય દુઃખથી છૂટવા માંગે છે, એટલે શરીર વગર એકલો આત્મા સુખી રહી શકે છે, તેથી સાબિત થાય છે કે આત્મા પોતે

સુખસ્વરૂપ છે. 'અરે, આવા દુઃખ કરતાં તો મરી જવું સારૂં' – એમ મરણ કરતાં પણ દુઃખ અસહ્ય લાગે છે, દુઃખથી છૂટવા માટે મરણને પણ ગણકારતો નથી. આ રીતે જીવને દુઃખ ગમતું નથી તેથી શરીર છોડીને પણ દુઃખથી છૂટવા માંગે છે, એટલે અવ્યક્તપણે પણ એમ સિદ્ધ થાય છે કે આત્મામાં દેહ વગર સુખ છે. જો દેહાતીત આત્માને પોતામાં દેખે તો જરૂર સુખ અનુભવમાં આવે. પણ આત્માનું સાચું ભાન કરતો નથી તેથી પોતાનું સુખ પોતાના અનુભવમાં આવતું નથી.

અંદર અપમાન વગેરેનું તીવ્ર દુઃખ લાગે, સમાધાન કરી ન શકે, નપાસ થયો હોય કે ધંધામાં મોટી ખોટ ગઈ હોય; દેહની તીવ્ર પીડા સહન ન થાય–એવા પ્રસંગે કોઈ જીવ વિચારે છે કે અરેરે! હવે તો ઝેર ખાઈને આ દુઃખથી છૂટું. –જુઓ તો ખરા, ઝેર ખાવું સહેલું લાગે છે પણ દુઃખ સહન કરવું અઘરું લાગે છે ! ભાઈ, દેહ છોડીને પણ ખરેખર જો તું સુખી થવા માંગતો હો ને દુઃખથી તારે છૂટવું હોય તો તેનો સાચો રસ્તો લે. દેહથી ભિન્ન જ્ઞાનસ્વરૂપ આત્મા શું ચીજ છે તેની ઓળખાણ કરીને વીતરાગીવિજ્ઞાન પ્રગટ કરવું તે જ સાચો ઉપાય છે. અહીં એ ઉપાય સંતો તને બતાવે છે, તે સાવધાન થઈને સાંભળ.

'આત્મભ્રાન્તિ સમ રોગ નહીં, સદ્ગુરુ વૈદ્ય સુજાણ'. અરે, દેહના રોગની પીડાથી છૂટવા માંગે છે, પણ ભાઈ, આત્મભ્રાંતિના રોગનું મહાન દુઃખ છે, તેનાથી છૂટવાનો ઉપાય કર. તે માટે વીતરાગવિજ્ઞાનનો ઉપદેશ આપનારા સદ્ગુરુને સાચા વૈદ્ય જાણ. એવા ગુરુ દુઃખથી છૂટવાનો ને સુખ પ્રગટ કરવાનો જે ઉપદેશ આપે છે તે સાંભળવાની ભલામણ હવે બીજી ગાથામાં કરશે.

## સંબોધન

**હે જીવ !**

**તારા જીવનમાં તેં જે આત્મધ્યેય નક્કી કર્યું છે, જે ધ્યેયને સાધવા માટે તું નિવૃત્તિપૂર્વક સત્સંગ સેવી રહ્યો છે, તે ઉત્તમ ધ્યેયને એક પળ પણ તું ભૂલ મા; તે ધ્યેયને ઢીલું થવા ન દે.... અતિ અતિ ઉદ્યમવડે ઉત્સાહથી ધ્યેયને સિદ્ધ કર.**

# ઉત્તમક્ષમા ગ્રહો રે ભાઈ !




પહેલાં અજ્ઞાનભૂમિકામાં શ્રેણીકરાજાએ મુનિરાજની વિરાધના કરી હતી... અનંતાનુબંધી ક્રોધ કર્યો હતો.... મુનિરાજ તો તે વખતે પણ ક્રોધરહિત ક્ષમાધર્મના આરાધક હતા..

પછી જ્યારે શ્રેણીકને ભૂલનું ભાન થયું ત્યારે પશ્ચાતાપથી ક્ષમા માંગી; અનંતાનુબંધી ક્રોધ છોડીને તેટલા ક્ષમાધર્મની ઉપાસના કરી; વિરાધકભાવ છોડીને આરાધકભાવ પ્રગટ કર્યો.અનંતાનુબંધી સિવાયનો ત્રિવિધક્રોધ હજી બાકી રહ્યો,–પણ તે ક્રોધથી ભિન્ન એવા જ્ઞાનની આત્મઅનુભૂતિ થઈ–જે અત્યારે નરકમાં પણ તેમને વર્તે છે.

અલ્પકાળમાં તેઓ જ્યારે મનુષ્ય થશે ત્યારે તે અનુભૂતિના બળે બાકીના ત્રિવિધક્રોધને પણ નષ્ટ કરી, સંપૂર્ણ ક્ષમાધર્મની આરાધનારૂપ વીતરાગ થઈ તીર્થંકર પરમાત્મા થશે ... .ને ઉત્તમ ક્ષમાધર્મને દિવ્યધ્વનિવડે જગપ્રસિદ્ધ કરશે.

**જય હો એ ઉત્તમ ક્ષમાધર્મનો.**
**આવી ઉત્તમક્ષમા ગ્રહો રે ભાઈ !**

# વીતરાગભાવની આરાધના એનું નામ પર્યુષણ




આજે દસલક્ષણ ધર્મનો પહેલો દિવસ છે, ઉત્તમક્ષમાધર્મની આરાધનાનો દિવસ છે. મુખ્યપણે તો મુનિના આ દશ ધર્મો છે; વીતરાગભાવ તે ધર્મ છે. ઉત્તમક્ષમા તે પણ આત્માના વીતરાગભાવનો પ્રકાર છે. શ્રાવકને પણ પોતાની ભૂમિકા અનુસાર ધર્મ હોય છે. આવા વીતરાગધર્મની આરાધનાને પર્યુષણ કહેવાય છે. પર્યુષણના ખરા દિવસો આજથી (એટલે કે ભાદરવા સુદ પાંચમથી) શરૂ થાય છે. દશ પ્રકારના ધર્મની આરાધનાનું ફળ સુખ છે, વીતરાગભાવના ફળમાં અતીન્દ્રિયસુખની પ્રાપ્તિ થાય છે.

પંચમકાળ પૂરો થતાં ભરતક્ષેત્રમાં અનાજ વગેરે નષ્ટ થઈ જાય છે, ને લોકો માંસાહારી થઈ જાય છે; પછી અષાઢ વદ એકમે શરૂ કરીને ૪૯ દિવસ સુધી વર્ષા વગેરે થતાં અનાજ ને ફળફૂલ પાકે છે; ઘણાકાળ સુધી અનાર્યવૃત્તિવાળા માંસભક્ષી થઈ ગયેલા લોકોને તે ફળફૂલ–અનાજ દેખીને એવી આર્યવૃત્તિ જાગી કે હવેથી કોઈએ માંસાહાર ન કરવો, આ અનાજ અને ફળ ઉપર નિર્વાહ ચલાવવો. આવી આર્યવૃત્તિ જાગી, એટલે હિંસા છોડીને ક્ષમાના ભાવો જાગ્યા, તે દિવસ બરાબર ભાદરવા સુદ પાંચમ હતી. આ રીતે ભાદરવા સુદ પાંચમથી ઉત્તમક્ષમાદિ દશલક્ષણધર્મની આરાધનાનું પર્વ શરૂ થાય છે. જો કે ભાદરવાની જેમ મહા તથા ચૈત્ર માસમાં પણ દસલક્ષણીપર્વ આવે છે, પણ ભાદરવાના પર્યુષણની વિશેષ પ્રસિદ્ધિ છે.

અહો, મુનિઓ અંદરમાં ચૈતન્યના ભાનસહિત તેમાં લીનતાવડે ચારિત્રધર્મને આરાધે છે, તે ચારિત્રનો જ એક પ્રકાર ઉત્તમક્ષમા છે. કોઈ પ્રતિકૂળતા આવે, નિંદા કરે, મારે, પ્રાણ હરી લ્યે – તોપણ મારા રત્નત્રયધર્મને તે હણી શકતો નથી, એમ પોતાના નિજધર્મની આરાધનામાં તત્પર મુનિઓને પ્રતિકૂળ પ્રસંગે પણ ક્રોધ થતો નથી, તેમને ઉત્તમક્ષમાધર્મ હોય છે. શ્રીમદ્ રાજચંદ્ર પણ કે છે કે –

**બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ**
**વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;**
**દેહ જાય પણ માયા થાય ન રોમમાં,**
**લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.**

મારામાં દોષ હોય ને કોઈ કહેતો હોય, તો તે સત્ય છે, ને મારે મારા દોષ ટાળવા જોઈએ; માટે દોષ કહેનાર ઉપર મારે ક્રોધ શા માટે કરવો ? અને જો મારામાં દોષ ન હોય ને તે કહેતો હોય તો, એ તો એનું અજ્ઞાન થયું તેમાં હું તે અજ્ઞાની ઉપર ક્રોધ કેમ કરું ? તેના કહેવાથી તો કાંઈ મને દોષ લાગી જવાના નથી. ક્ષમારૂપ વીતરાગભાવ તે મારો સ્વભાવ છે; આવા પોતાના ક્ષમાધર્મને પ્રાણ જાય તોય મુનિઓ છોડતા નથી. ક્રોધાદિમાં તો દુઃખ છે, ક્ષમાધર્મમાં વીતરાગી શાંતિ છે. બહારના પરીષહ મારી વીતરાગશાંતિમાં અડતાય નથી. અરે, મુનિઓને દુષ્ટ જીવોએ ઘાણીમાં પીલી નાંખવા છતાં અંદર ક્રોધનો વિકલ્પ પણ થવા ન દીધો, ને સ્વરૂપમાં લીન થઈ, વીતરાગભાવે કેવળજ્ઞાન પ્રગટ કર્યું. ૩૨ મુનિઓ નદીકિનારે ધ્યાનમાં બેઠેલા, ત્યાં નદીનું મોટું પૂર આવ્યું તેમાં તણાઈ ગયા, છતાં શાંતભાવે સહન કરીને સમાધિમરણ કર્યું. ઉપસર્ગો તો જીવને અનંતકાળના પ્રવાહમાં અનંતવાર આવે છે, પણ તેને વીતરાગભાવે સહન કરવાનો સ્વકાળ તો કોઇક જ વાર આવે છે. ને જેણે વીતરાગી ક્ષમાધર્મ પ્રગટ કરીને પરિષહ સહ્યાં–તે અલ્પકાળે મોક્ષ પામે છે.

કાર્તિકસ્વામી કહે છે કે–જે રત્નત્રયયુક્ત છે, સદા ઉત્તમ ક્ષમાદિભાવોરૂપે પરિણત છે, અને સર્વત્ર મધ્યસ્થ રાગદ્વેષરહિત છે, એવા સાધુ તે ધર્મ છે. જેમાં ધર્મ છે તે જ ધર્મની મૂર્તિ છે. વીતરાગભાવરૂપ જે ઉત્તમક્ષમાદિ ધર્મો છે તે સુખરૂપ છે, તે સારરૂપ છે; એવા ધર્મોને હે જીવ ! તું પરમભક્તિથી જાણ; પરમ ભક્તિથી તેની આરાધના કર.

જે મુનિરાજ વીતરાગભાવરૂપ ક્ષમાધર્મમાં સ્થિર છે, અને દેવ–મનુષ્ય – તિર્યંચાદિદ્વારા રૌદ્ર–ભયાનક ઉપસર્ગ થવા છતાં પણ ક્રોધથી તપ્ત થતા નથી એવા શાંતમુનિને નિર્મળક્ષમાધર્મ હોય છે. નિર્મળક્ષમા એટલે સમ્યગ્દર્શનપૂર્વકની

ક્ષમા, રાગદ્વેષ વગરની ક્ષમા : ગજસુકુમારમુનિ, વગેરે અનેક મુનિવરો ઉપસર્ગ જીતીને, ક્ષમાની આરાધના કરીને, સ્વર્ગ–મોક્ષમાં ગયા.

સવિકલ્પદશામાં હોય ને ઉપસર્ગ પ્રત્યે લક્ષ જાય તો મુનિ એમ વિચારે છે કે–જો કોઈ મારા દોષ કહે છે તે જો મારામાં વિદ્યમાન છે, –તો તે શું ખોટું કહે છે ? અને જો મારામાં તે દોષ નથી તો એ જાણ્યા વગર કહે છે, –એ તો એનું અજ્ઞાન છે. –માટે મારે ક્રોધ શા માટે કરવો ? કોઈ કુવચન કહે તો એમ વિચારે કે મારતો તો નથી! મારે તો એમ વિચારે કે પ્રાણ તો હરતો નથી? પ્રાણ હરવાની ચેષ્ટા કરે તો એમ વિચારે કે મારા આત્માના ધર્મનો તો ઘાત નથી કરતો! બસ, પ્રાણઘાત થાય તો પણ મારા રત્નત્રયાદિ ધર્મને હું અખંડ જાળવી રાખું, ને ક્રોધવડે તેનો નાશ ન થવા દઊં, – એમ ચિંતવતા થકા મુનિરાજ ક્ષમાધર્મમાં સ્થિર રહે છે.

જુઓ, દરેક જીવે આવા ક્ષમાધર્મની ઉપાસના કરવા જેવી છે. ક્રોધ તો અગ્નિની જેમ જીવને બાળનાર છે, ને ક્ષમા જીવને શીતળ–શાંતિદાતાર છે. ક્રોધમાં દુઃખ છે ને ક્ષમામાં સુખ છે. ક્રોધ કરવાનો જીવનો સ્વભાવ નથી, ક્ષમાભાવ તે જીવનો સ્વભાવ છે. શીતળતાના અતીન્દ્રિયરસથી ભરેલો આત્મા, તેને ઓળખીને તેમાં ઠરતાં ઉત્તમ ક્ષમાધર્મની આરાધના થાય છે.

અહો, આવી આરાધનાના દિવસોમાં તો અંદર પૂરા દ્રવ્યને ઓળખીને તેના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ કરવા જેવા છે. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અખંડ સ્વદ્રવ્યની આરાધના તે જ સાચી પર્યુષણા છે. શુદ્ધચૈતન્યવસ્તુ જીવ પોતાના સ્વદ્રવ્ય–સ્વક્ષેત્ર –સ્વકાળ–સ્વભાવથી અખંડ એક વસ્તુ છે; દ્રવ્ય–ક્ષેત્ર–કાળ કે ભાવ તેમાંથી એક જુદું પડીને જીવનો અનુભવ નથી થતો, પણ એકની સાથે બાકીનાં ત્રણ પણ તેમાં અભેદપણે આવી જાય છે. આ રીતે પોતાના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અભેદ જીવવસ્તુને ધર્મી અનુભવે છે. આવી અભેદ વસ્તુના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ કરવા તેનું નામ ધર્મની આરાધના છે, તે સાચા પર્યુષણ છે. ( પરિ–ઉપાસના, સર્વ પ્રકારે ઉપાસના–આરાધના તે પર્યુષણા છે. )

એક સ્વદ્રવ્ય, એક સ્વક્ષેત્ર, એક સ્વકાળ ને એક સ્વ–ભાવ એમ કાંઈ જુદી જુદી ચાર વસ્તુઓ નથી, ચાર સત્તા નથી, પણ ચારે ધર્મોથી અભેદ એક વસ્તુ સત્તા છે. સ્વદ્રવ્યને અનુભવતાં તેમાં ક્ષેત્ર–કાળ ને ભાવ પણ આવી જ જાય છે, સ્વક્ષેત્રરૂપ વસ્તુને અનુભવતાં તેમાં દ્રવ્ય–કાળ ને ભાવ પણ આવી જાય છે; સ્વકાળરૂપ વસ્તુને અનુભવતાં તેમાં દ્રવ્ય–ક્ષેત્ર ને ભાવ પણ આવી જાય છે; તથા સ્વભાવરૂપ વસ્તુને અનુભવતાં તેમાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ પણ આવી જાય છે; આ પ્રમાણે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અભેદરૂપ વસ્તુ છે, તેને ધર્મી અનુભવે છે. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને જુદા જુદા કરીને

શોધવા જાય તો વસ્તુ જડતી નથી, વસ્તુ અનુભવમાં આવતી નથી, એટલે કે વસ્તુનો અનુભવ ખોવાઈ જાય છે. અભેદ અનુભવમાં જ વસ્તુ જડે છે.

જુઓ આ વસ્તુને શોધીને તેની આરાધના કરવાની રીત! આવી આરાધના કરવી તે પર્યુષણ છે, તે ઉત્તમ ધર્મ છે. આ ઉત્તમ દિવસોમાં તો ઉત્તમ વાત જ આવેને! સૌથી ઉત્તમ એવી પોતાની અભેદ ચૈતન્યવસ્તુ, તેની આરાધના જેવું ઊંચું બીજું કાંઈ નથી.

ચૈતન્યવસ્તુ વિકલ્પવડે શોધાતી નથી; અખંડ ચૈતન્યવસ્તુ–તેની સન્મુખ વળેલો ઉપયોગ વિકલ્પથી જુદો થઈ જાય છે. આવા ઉપયોગવડે ચૈતન્યવસ્તુ જડે છે, અનુભવમાં આવે છે. બાકી દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ એવા જુદા જુદા ચાર ભેદ પાડીને વસ્તુને લક્ષમાં લેવા માગે–તો એ રીતે વસ્તુ જડે તેવી નથી.

વસ્તુના દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ જુદા પડી શકતા નથી, પણ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના પિંડરૂપે જ વસ્તુ વિરાજમાન છે. જેમ ચાર માણસ કેરી જમવા બેઠા, તેમાં એક માણસને કેરીની મીઠાશ પીરસે, બીજા માણસને તેનો સ્પર્શ પીરસે, ત્રીજા માણસને તેની ગંધ પીરસે, ચોથા માણસને તેનો રંગ પીરસે–એમ વર્ણ–ગંધ–રસ–સ્પર્શ જુદા પડી શકતા નથી, કેરીમાં બધા એક સાથે જ છે; તેમ જીવવસ્તુ પોતાના ચૈતન્યમય દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવસહિત અભેદ બિરાજમાન છે, તે ચાર જુદા પડી શકતા નથી; જ્યાં એક છે ત્યાં બધા અભેદ છે. આવા અખંડરૂપ આત્માનો અનુભવ કરવો તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે, તેમાં લીન થવું તે ચારિત્ર છે. આવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના તે પરમાર્થ પર્યુષણપર્વ છે.

## ક્ષ.....મા......

### હું સર્વે જીવો પ્રત્યે ક્ષમા કરું છું; સર્વે જીવો મને ક્ષમા કરજો.

કેવી ઉત્તમ વીતરાગભાવના જૈનશાસનમાં ભરી છે....એ પુનિત ભાવનાનો પ્રવાહ પ્રત્યેક જૈનના અંતરમાં વહેતો હોય છે. એ જ પવિત્ર ભાવનાને યાદ કરીને, આ 'આત્મધર્મ' ના લેખન–સંપાદન દ્વારા કે બીજા કોઈ પ્રકારે પણ મારી ભૂલોથી, પૂજ્ય દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે, જિનવાણી પ્રત્યે કે હાર્દિક પ્રેમથી હું જેમને ચાહું છું એવા મારા સાધર્મીઓ પ્રત્યે, કાંઈ અવિનયાદિ થયા હોય તે બદલ હું અંતઃકરણપૂર્વક ક્ષમાપના ચાહું છું. – હરિ.

# રે ! અનિત્ય અશરણ સંસાર : સંપાદકીય :

ગત ઓગષ્ટ માસની છઠ્ઠી તારીખે કરોડો ગુજરાતીઓનાં તેમજ ભારતીઓનાં હૈયાંને હચમચાવી મુકે એવા પ્રલયકારી–પૂરનો કરુણપ્રસંગ સુરત–ભરૂચ વગેરેમાં બની ગયો....જેમાં સેંકડો મનુષ્યો ને હજારો–લાખો પશુઓ મર્યા....કેટલાય મકાનો ને મોટામોટા પૂલો પણ પાણીના પ્રવાહમાં તણાઈ ગયા....પાણીનો એ પ્રવાહ ધોધમાર ઘૂઘવાટાવડે જગતને કહેતો ગયો કે સંસાર અનિત્ય છે....આ જીવન ક્ષણભંગુર છે....માટે હે જીવો ! તમે ચેતો....ચેતો....ચેતો.

* એક બાઈ ધોધમાર પૂરથી બચવા માટે ઝાડ ઉપર ચડી...કોણ જાણે કેટલાય કાળે મનુષ્યપણું પામેલો કોઈ દુર્ભાગી જીવ તે બાઇના ઉદરમાં આવેલો ... ઝાડ ઉપર જ પ્રસુતી થઈને એ બાળક ( – પુત્રી કે પુત્ર તે તો તેની માતાને પણ ખબર નહિ હોય – ) તે સીધું પડયું નીચે પાણીના સમુદ્રમાં ! તે જીવ મનુષ્યપણું તો પામ્યો પણ તે ન પામવા જેવું જ થયું ને ?

* બીજા એક પ્રસંગમાં જૈન પરિવારના ત્રણ સભ્યો પાણીના પૂરથી બચવા પોતાના ઘરમાં જ ભરાઈ ગયા, –જાણે કે પૂરથી બચવા ઘર શરણરૂપ થશે !.....પણ ના....ના, આ અશરણ–સંસારમાં બાહ્યવસ્તુ જીવને શરણરૂપ થાય એ વાત કુદરતને મંજુર ન હતી...પૂરના પાણી તો ઊછળતા–ઊછળતા ઘર સુધી આવ્યા...અંદર પ્રવેશ્યા...અંદરના માણસોના પગ ડુબ્યા...હાથ ડુબ્યા....ગળાં ડુબ્યા....ને છેવટે....પાણીમાં ગુંગળાઈ મર્યા....સંસારની અનિત્યતાએ ને અશરણતાએ ત્રણે જીવોને એમના જ ઘરમાં પાણીથી ગુંગળાવીને પોતાની પ્રસિદ્ધિ કરી કે અરે જીવો ! આ સંસારની અનિત્યતા તમે જુઓ....આ અશરણતા તમે દેખો....ને સાચા શરણરૂપ કોઈ નિત્ય વસ્તુને શોધો.

* એક ઠેકાણે પૂર વચ્ચે સપડાયેલા જીવો વાંદરો, મનુષ્ય ને સર્પ–ત્રણેએ એક જ ઝાડ ઉપર આશરો લીધો....જાણે એકબીજાના મિત્રો હોય એમ એકબીજાની હૂંફમાં બેસી રહ્યા...કોઈએ કોઈને સતાવ્યા નહિ. અરે, ભયને વશ પણ આ રીતે જીવો પરસ્પર અહિંસક બની જાય છે...તો પછી જ્યાં પરમ વીતરાગતાની છાયા છવાઈ ગઈ છે ને જ્યાં સદા અભય છે એવા તીર્થંકરાદિની સમીપમાં સિંહ–હરણ ને મોર–સર્પ વગેરે જીવો શાંત–અહિંસક બની જાય–એમાં શું આશ્ચર્ય છે !

* એક ઠકાણે બાવીશ માલધારી જુવાનીયા પોતાના માલ ( ગાય, ભેંસ, બકરા, ઊંટ, વગેરે ) સહિત મહી નદીના રેતીના પટમાં વિશ્રામ લેતા હતા, ત્યાં તો પાણી આવ્યું; વધવા માંડયું. તે જુવાનીયાઓએ બચવા માટે નજીકના ટેકરા ઉપર આશરો લીધો....પરંતુ અશરણતા તો એ ટેકરામાંય હતી....એટલે એ ટેકરો તેમને શરણરૂપ ન થઈ શકયો.....પાણીનું ધસમસતું પૂર ટેકરા ઉપરથી પણ બાર જાુવાનીયાને ખેંચી ગયું....ને તેમના ગામમાં એકસાથે કેટલાય જાુવાનજોધના મૃત્યુની કાણ મંડાણી. –પણ સંસારની ક્ષણભંગુરતા સામે કોનું ચલે ? –હા, એક ઉપાય છે અને તે વીતરાગતા. –તે જ જીવને શરણરૂપ થઈને શાશ્વતસિદ્ધપદમાં બિરાજમાન કરે છે, ને ક્ષણભંગુર એવા જન્મ–મરણથી ઉગારે છે.

સુરત–ભરૂચનાં પૂર, કે કોયનાનો ધરતીકંપ, કે કચ્છની વિમાન હોનારત–એ બધા પ્રસંગોને તો દુનિયા થોડા દિવસોમાં જ ભૂલી જશે....પરંતુ સંસાર પોતાની અનિત્યતાને અને અશરણતાને તો કદી છોડવાનો નથી, –કયારેક તે ધરતીકંપ દ્વારા ને કયારેક પ્રલયકારી પૂરદ્વારા, કયારેક વિમાન અગર રેલ્વેના અકસ્માતદ્વારા ને કયારેક અણુબોંબના પ્રહાર દ્વારા તે પોતાની અનિત્યતા તથા અશરણતા જગતને સ્થૂળરૂપે દેખાડે છે, –કે જેથી જગત સાવ ભૂલી ન જાય કે આ બધું ક્ષણભંગુર છે–તે કોઈ મને શરણરૂપ નથી. હે જીવ! આ રીતે સંસારની ક્ષણભંગુરતા અને અશરણતા ઓળખીને તું તેનાથી બચવાના એકમાત્ર અમોઘ ઉપાય તરીકે, એ બધા સંયોગથી ભિન્ન તારા નિત્ય ચિદાનંદસ્વરૂપનું શરણ લે.

[ આ જળરેલના સંકટમાં સપડાયેલા માનવો તેમજ પશુઓ પ્રત્યે સહાનુભૂતિ ને કરુણા જાગે છે. તા.૧૯ના રોજ ભાવનગરથી કલેકટરશ્રી તેમજ બીજા કેટલાક આગેવાનો સોનગઢ આવેલા, દશેક મિનિટ ગુરુદેવના પ્રવચનમાં બેઠેલા; ને ત્યારબાદ માત્ર દશેક મિનિટમાં આ રેલસંકટમાં સહાયનિમિત્તે દશેકહજાર રૂા.નું ફંડ થયું હતુ. ]

બ્ર.હ. જૈન

## આદર્શ પુત્ર.......આદર્શ માતા

**પુત્રઃ** હે માતા!! આપના જેવી આત્મહિતની માર્ગદર્શક માતા મને મળી...તે મારા ધનભાગ્ય છે. હે માતા! તું મારી છેલ્લી માતા છો. હવે આ સંસારમાં હું બીજી માતા કરવાનો નથી. સંસારમાં ડુબેલા આત્માનો હવે મારે ઉદ્ધાર કરવો છે...હે માતા! આજે જ ચારિત્રદશા અંગીકાર કરીને હું સમસ્ત મોહનો નાશ કરીશ ને કેવળજ્ઞાન પ્રગટ કરીશ. માટે હે માતા! મને આજ્ઞા આપો!!

**માતાઃ** અહો પુત્ર! ધન્ય છે તારી ભાવનાને! જા. ભાઈ ખુશીથી જા અને પવિત્ર રત્નત્રયધર્મની આરાધના કરીને અપ્રતિહતપણે કેવળજ્ઞાન પામ!!! પુત્ર ! હું પણ તારી સાથે જ દીક્ષા લઈશ. હવે આ ભવભ્રમણથી બસ થાવ...હવે તો આ સ્ત્રીપર્યાયનો છેદ કરીને હું પણ અલ્પકાળમાં કેવળજ્ઞાન પામીશ. [ મહારાણી ચેલણા–નાટકમાંથી ]

# માતા અને પુત્રની તત્ત્વચર્ચા

**જ્યારે રાજગૃહીમાં મહારાણી ચેલણાને ક્યાંય ચેન નથી પડતું, ને અત્યંત ઉદાસ બેચેન રહે છે; ત્યારે એકવાર અભયકુમાર કહે છે કે હે માતા! આમ સુનમુન બેસી રહેવા કરતાં આપણે કાંઈક ધાર્મિકવાર્તા કરીએ, જેથી મનમાં પ્રસન્નતા થાય. ત્યારે ચેલણા પણ પ્રસન્નતાથી કહે છે કે હા પુત્ર, તારી વાત સાચી છે. દુઃખસંકટમાં ધર્મનું જ શરણ છે. આમ કહીને પછી બંને જે ધર્મચર્ચા કરે છે તે અહીં આપીએ છીએ. એક આદર્શ માતા-પુત્ર વચ્ચેની આ ચર્ચા જિજ્ઞાસુઓને ગમશે. (સોનગઢમાં ભાદરવા સુદ બીજે બાલિકાઓએ ''મહારાણી ચેલણા'' નું સુંદર ભાવવાહી નાટક કર્યું હતું, તે નાટકમાંથી આ ચર્ચાનો પ્રસંગ આપ્યો છે. પૂરું નાટક વાચવા માટે ''મહારાણી ચેલણા'' નું પુસ્તક વાંચો.)**

**અભયકુમાર :** માતા! આપના જેવા ધર્માત્મા ઉપર પણ આવા સંકટ કેમ આવતા હશે ?

**ચેલણાઃ** પુત્ર, પૂર્વે જેણે દેવ–ગુરુ–ધર્મની કાંઈક વિરાધના કરી હોય તેને જ આવી પ્રતિકૂળતાના પ્રસંગ આવે છે.

**અભય :** હેં માતા! પ્રતિકૂળસંયોગોમાં પણ જીવ ધર્મ કરી શકે?

**ચેલણા :** હા ભાઈ! ગમે તેવા પ્રતિકૂળ સંયોગ હોવા છતાં જીવ ધર્મ કરી શકે છે; બહારના કોઇ સંયોગ જીવને નડતા નથી.

**અભય :** પણ અનુકૂળ સંયોગ હોય તો ધર્મ કરવામાં તે કાંઈક મદદ તો કરેને!

**ચેલણા :** નહિ, ભાઈ! ધર્મ તો આત્માના આધારે છે, સંયોગના આધારે ધર્મ નથી. સંયોગનો તો આત્મામાં અભાવ છે.

**અભય :** તો બહારમાં અનુકૂળ ને પ્રતિકૂળ સંયોગ કેમ મળે છે ?

**ચેલણા :** એ તો આગલા ભવમાં જેવા પુણ્ય–પાપના ભાવો જીવે કર્યાં હોય તેવા સંયોગ અત્યારે મળે છે. પુણ્યના ફળમાં અનુકૂળ સંયોગ મળે ને પાપના ફળમાં પ્રતિકૂળ સંયોગ મળે, –પરંતુ ધર્મ તો તે બંનેથી જુદી ચીજ છે.

**અભય :** માતાજી! આ વિચિત્ર સંસારમાં કોઇવાર અધર્મી જીવો પણ સુખી દેખાય છે, ને કોઈવાર ધર્મી જીવો પણ દુઃખી દેખાય છે–તેનું શું કારણ ?

**ચેલણા :** ભાઈ અજ્ઞાની જીવોને સાચું સુખ કદી હોતું જ નથી. આત્માનું અતીન્દ્રિયસુખ તે જ સુખ સાચું સુખ છે. તે અતીન્દ્રિયસુખ તો જ્ઞાનીને જ હોય છે, અજ્ઞાનીને તો તેની ગંધ પણ હોતી નથી. અધર્મી જીવોને જે સુખ દેખાય છે તે ખરેખર સુખ નથી પણ માત્ર કલ્પના છે. અજ્ઞાનીને પૂર્વપુણ્યના ઉદયથી બાહ્ય અનુકૂળતા હોય તો પણ ખરેખર તે દુઃખી જ છે. ને જ્ઞાનીને કદાચિત્ પાપના ઉદયથી બહારમાં પ્રતિકૂળતા દેખાય તોપણ તે ખરેખર સુખી છે.

**અભય :** માતા, પ્રતિકૂળતાને લીધે જ્ઞાનીની શ્રદ્ધા ડગી જતી નહિ હોય ?

**ચેલણા :** નહિ ભાઇ, બિલકુલ નહીં. બહારમાં ગમે તેવી પ્રતિકૂળતા હોય તોપણ સમકિતી ધર્માત્માના સમ્યક્શ્રદ્ધા અને સમ્યગ્જ્ઞાન જરાપણ દોષિત થતા નથી. અરે! ત્રણલોક ખળભળી જાય તો પણ સમકિતી પોતાના સ્વરૂપની શ્રદ્ધાથી જરાપણ ડગતા નથી.

**અભય :** અહો માતા, ધન્ય છે એવા સમકિતી સન્તોને! એ સુખીયા સમકિતીનો અતીન્દ્રિય આનંદ કેવો હશે!

**ચેલણા :** અહો, પુત્ર અભય! એની શી વાત! જેવો સિદ્ધભગવાનનો આનંદ.....જેવો વીતરાગી મુનિવરોનો આનંદ, એવો જ એ સમકિતીનો આનંદ છે. સિદ્ધભગવાન જેવા આનંદનો સ્વાદ સમકિતીએ ચાખી લીધો છે.

**અભય :** મારી માતા! આપ પણ શુદ્ધ સમકિતી છો. આપે પણ એ મહા આનંદનો સ્વાદ ચાખી લીધો છે. અહો, ધન્ય છે આપનું જીવન! હે માતા! એ સમ્યગ્દર્શન માટે કેવો પ્રયત્ન હોય તે સમજાવો.

**ચેલણા :** તેં બહુ સારો પ્રશ્ન પૂછ્યો; સાંભળ ભાઈ! પહેલાં તો અંતરમાં આત્માની ખૂબ જ ધગશ જાગે, અને સદ્ગુરુનો સમાગમ કરીને તત્ત્વોનો બરાબર નિર્ણય કરે....પછી દિનરાત અંતરમાં ઊંડું. ...ઊંડું મંથન કરીને ભેદજ્ઞાનનો અભ્યાસ કરે. વારંવાર એ ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં જ્યારે ઉત્કૃષ્ટ હદે આત્મસ્વભાવનો મહિમા આવે ત્યારે તેનો નિર્વિકલ્પ–અનુભવ થાય છે, અને તે અનુભવમાં સિદ્ધ ભગવાન જેવા આનંદનું વેદન થાય છે. પુત્ર, આવો સમ્યગ્દર્શનનો પ્રયત્ન છે; એનો મહિમા અપાર છે.

**અભય :** અહો માતા! સમ્યગ્દર્શનનો મહિમા સમજાવીને આપે મહાન કૃપા કરી....

# ❁ જ્ઞાનની અનુભૂતિ તે મોક્ષમાર્ગ ❁

## [ સાધક અને સાધ્ય બંને જ્ઞાનમય છે....રાગમય નથી ]

### [ કલશટીકા- પ્રવચનો : કળશ ૨૬૬-૨૬૭ ]

જેવો જ્ઞાયક–ચૈતન્ય આત્મા છે તે–મય તેની અનુભૂતિ છે, ને તે જ મોક્ષામાર્ગ છે. 'તે–મય' એટલે જેવો સ્વભાવ છે તેવી જ જાતની પર્યાય થઈ, તેમાં રાગાદિનો જરાય અંશ સ્પર્શતો નથી. વિકલ્પનો અંશ પણ જેમાં નથી એવી જે જ્ઞાયકસ્વભાવમય અનુભૂતિ છે, –તે મોક્ષમાર્ગ છે. અધૂરો જ્ઞાનમયભાવ તેનું નામ સાધકદશા; ને પૂર્ણ જ્ઞાનમયભાવ તે સાધ્યરૂપ મોક્ષદશા. –તે બંનેમાં ક્યાંય રાગ નથી, રાગ જુદો રહે છે; જ્ઞાનમય પરિણતિમાં તેનો અભાવ છે.

મતિ–શ્રુતજ્ઞાન ભલે સાધકરૂપ છે, પણ તે રાગ વગરના છે; તે જ્ઞાન આત્મસ્વભાવમય છે, આત્માને સ્વસંવેદનમાં પ્રત્યક્ષ કરનારા છે. ચેતના જેનું સર્વસ્વ છે એવા આત્માને ધર્મી અનુભવે છે. જ્ઞાનમય ભૂમિકાના અનુભવ વડે જ સાધ્ય અને સાધકભાવની પ્રાપ્તિ થાય છે. આવી જ્ઞાનમય ભૂમિકાને પામેલો, એટલે કે અનુભવદશાને પામેલો જીવ પ્રત્યક્ષ શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતો થકો મોક્ષને પામે છે. આવા અનુભવ વગરના જીવો ચાર ગતિનાં દુઃખને જ પામે છે. આ રીતે શુદ્ધજીવસ્વરૂપનો અનુભવ તે એક જ મોક્ષનો માર્ગ છે. મોક્ષના માર્ગ બે નથી એક જ છે; મોક્ષમાર્ગનાં સમ્યગ્દર્શન બે નથી, એક જ છે.–શુદ્ધાત્માને પ્રતીતમાં લેવો તે એક જ સમ્યગ્દર્શન છે. એ જ રીતે મોક્ષમાર્ગમાં સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર પણ એક જ પ્રકારનું છે, બે નથી. આ રીતે શુદ્ધઆત્માના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ એક જ સાચો મોક્ષમાર્ગ છે. ને આવો મોક્ષમાર્ગ જ્ઞાનમય આત્માના અનુભવમાં સમાય છે. આવા અનુભવ વડે જ દુઃખનો નાશ ને આનંદની પ્રાપ્તિ થાય છે.

ભગવાન આત્મા, જેમાં ભવ ને ભવનો ભાવ નથી, તેને જ્ઞાનપર્યાયમાં જ્ઞેય બનાવી, તેનો શ્રદ્ધામાં સ્વીકાર કરી ને તેમાં જ ઉપયોગને લીન કરીને તેને ધ્યાવતાં મોક્ષમાર્ગ અને મોક્ષ થાય છે. મોક્ષમાર્ગ કહો કે વીતરાગી અમૃતની શાંતિનું વેદન કહો! રાગનું વેદન તો તેનાથી વિરુધ્ધ છે, અશાંત છે. શુભરાગવડે સાધકપણું સહેલું પડે–એમ નથી, જ્ઞાનના અનુભવવડે જ સાધકપણું સહેલું થાય છે, માટે કહે છે કે–

**લાખ બાતકી બાત યહ નિશ્ચય ઉર લાવો,**
**તોડ સકલ જગ દંદ-ફંદ જિન આતમ ધ્યાવો.**

જુઓ, આ વીતરાગનાં વચનો! અમૃતસ્વરૂપ પરમ શાંત આત્માનો અનુભવ કરાવનારાં વચનોને પણ 'અમૃત' કહ્યાં છે–

**વચનામૃત વીતરાગનાં... પરમ શાંતરસમૂળ.**

ભાઈ, તું તારા ચૈતન્યસ્વભાવને સ્પર્શ એટલે તેને અનુભવમાં લે. એના અનુભવ વગરનું જાણપણું એ તો બધા વિકલ્પો છે. સ્વધ્યેયને જે ચૂક્યો તેને સાધકપણું કેવું ? સમ્યગ્દ્રષ્ટિ–સાધકના ધ્યેયમાં નિરંતર રાત–દિન અખંડ ધારાપણે પોતાનો શુદ્ધઆત્મા જ બિરાજે છે; એના સિવાય બીજાની અધિકતા કદી ભાસતી નથી. તેને સ્યાદ્વાદમાં કુશળતા છે એટલે કે દ્રવ્ય–પર્યાયરૂપ વસ્તુના અનુભવમાં તેને કુશળતા છે; મતિશ્રુતજ્ઞાનને અંતર્મુખ કરીને આત્માને પ્રત્યક્ષરૂપ કર્યો છે; વિકારથી જુદો, ઉપર તરતો આત્મા અનુભવમાં લીધો છે. રાગને તે ક્ષણમાત્ર નથી ભાવતો, શુદ્ધઆત્માને સતત નિરંતર ભાવે છે....જેણે આવું સ્વરૂપ જાણ્યું છે–અનુભવ્યું છે તેને જ મોક્ષમાર્ગ છે.

થોડા શબ્દોમાં મોટા ભાવો ભર્યા છે....અહો, સંતોએ અનુભવના માર્ગ ખુલ્લા મુક્યા છે....ગુરુદેવ સંત–મુનિઓ પ્રત્યેની ભક્તિથી વારંવાર કહે છે કે 'અહો! સંતોએ મારગ સહેલા કરી દીધા છે!' અને 'અમૃત વરસ્યા છે પંચમ કાળમાં....અમૃત વરસ્યા છે તારા આત્મામાં.' (ગુરુદેવના આવા હિતપ્રેરક ઉદ્ગારો સાંભળતાં શ્રોતાજનોનાં હૈડાં હર્ષવિભોર બનીને નાચી ઊઠે છે.)

ભાઈ, મોક્ષમાર્ગનું સાધન તારામાં ભર્યું છે. નિત્ય–પરિણામી વસ્તુ છે, દ્રવ્યપણે નિત્ય છે ને પર્યાયરૂપે પરિણામી છે. આવી દ્રવ્યરૂપ–પર્યાયરૂપ વસ્તુનો અનુભવ કરવામાં ધર્મી જીવો કુશળ છે. અને આવો અનુભવ કરતાં રાગાદિ અશુદ્ધપરિણતિ છૂટી જાય છે, અશુદ્ધતા રહિત એવી વીતરાગી શુદ્ધપરિણતિ વગર શુદ્ધવસ્તુનો અનુભવ થાય નહીં; સમ્યગ્દ્રષ્ટિને ચોથા ગુણસ્થાને અનુભૂતિની જે શુદ્ધપર્યાય છે તે પણ વીતરાગ છે, રાગ વગરની છે. રાગવડે કાંઈ શુદ્ધઆત્માની અનુભૂતિ ન થાય. એક શુદ્ધઆત્માને જેણે જાણ્યો તેણે સર્વ જાણ્યું; અરિહંતોને અને સિદ્ધોને તેણે ઓળખ્યા, મુનિને અને જ્ઞાનીને તેણે ખરેખરા ઓળખ્યા. કેમકે જ્ઞાની–મુનિ ને કેવળી તે બધાય પણ આવા શુદ્ધઆત્માના અનુભવસ્વરૂપ છે; પોતે એવો અનુભવ કરીને તેમની નાતમાં ભળ્યો ત્યારે તેમની ખરી ઓળખાણ થઈ...તે સાધક થયો. ને જ્ઞાનમાં જ પૂર્ણ એકાગ્રતા વડે તે અલ્પકાળમાં કેવળજ્ઞાનરૂપ સાધ્યદશાને પામશે. આ રીતે સાધક અને સાધ્ય બંને ભાવો જ્ઞાનસ્વરૂપ આત્માના અનુભવની ભૂમિકામાં જ સમાય છે. શુદ્ધજીવના સ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે.

# 'અમારા ભગવાનને અમે ઓળખીએ છીએ'

સ્તુતિના એક સંસ્કૃત શ્લોકમાં કોઈ અન્યમતી સ્તુતિકાર કહે છે કે 'હે મહાન ઈશ્વર! તમારું સ્વરૂપ કેવું છે એ તો હું નથી જાણતો, પણ તમે જેવા હો તેવા હું તમને નમસ્કાર કરું છું.'

–પરંતુ, ભગવાન કેવા છે તે ઓળખ્યા વગર તેમને સાચા નમસ્કાર ક્યાંથી થઈ શકે?

વળી તે કહે છે કે અમારા મહાન દેવ શ્રેષ્ઠ છે, એનાથી શ્રેષ્ઠ કોઈ દેવ નથી;

–પરંતુ પોતે જ પોતાના દેવના સ્વરૂપને તો જાણતો નથી પછી તેની શ્રેષ્ઠતાની ક્યાંથી ખબર પડી? જે વસ્તુને પોતે જાણતો નથી તેની બીજા સાથે સરખામણી કેમ કરી શકાય? માટે દેવનું સ્વરૂપ ઓળખ્યા વગરની સ્તુતિ તે સાચી સ્તુતિ નથી. હું કોની સ્તુતિ કરું છું–તે જાણ્યા વગર સાચી સ્તુતિ ક્યાંથી થાય?

ભગવાનને સાક્ષાત્ જોનારા શ્રી કુંદકુંદસ્વામી તો કહે છે કે જે જીવ અરિહંતદેવનું સ્વરૂપ જાણે છે તે પોતાના આત્માને પણ ઓળખે છે, એટલે તેને સમ્યગ્દર્શન થાય છે, અને તેને જ ભગવાનની ખરી સ્તુતિ હોય છે.

ભગવાનનો તે ભક્ત નિઃશંક કહે છે કે પ્રભો! દુનિયામાં સૌથી શ્રેષ્ઠ એવા આપનું સ્વરૂપ અમે ઓળખી લીધું છે, અને આપના જેવા જ અમારા આત્માનો પણ અમે સાક્ષાત્કાર કર્યો છે; એના બળે મોહનો નાશ કરીને અમે આપના માર્ગે આવી રહ્યા છીએ.

–આ છે પ્રભુતાનો પંથ!

**આદ્ય-સ્તુતિકાર સમન્તભદ્રસ્વામી કહે છે કે હે જિન! અમે આપને માત્ર બાહ્યવિભૂતિ વડે જ મહાન નથી માનતા, પરંતુ અંતરમાં આપની સર્વજ્ઞતા વીતરાગતા વગેરે ગુણોને ઓળખીને, અને આપનો જ ઉપદેશ હિતકારી છે એમ નિર્ણય કરીને, તેના વડે અમે આપને મહાન સમજીને પૂજીએ છીએ. કોઈ જીવ વગર ઓળખ્યે સાચા દેવની સ્તુતિ કરે તોપણ તેને પોતામાં શ્રદ્ધા-જ્ઞાનનો લાભ નથી થતો, તો પછી ખોટા દેવોને સ્તવે એની તો વાત જ શી? સમ્યગ્દષ્ટિ જીવો તો પરમ નિઃશંકતાપૂર્વક કહે છે કે અમારા ઈષ્ટ સર્વજ્ઞ વીતરાગ પરમદેવને અમે આત્મસાક્ષાત્કારપૂર્વક ઓળખ્યા છે, અમે અમારા દેવનો સાક્ષાત્કાર કરી લીધો છે.**




બંધુઓ, ગયા અંકમાં દશ નામોની ગોઠવણી કરવાનો કોઠો આપેલ, તેમાં તમને બધાને સારો રસ પડયો ને નવું નવું જાણવાનું પણ મળ્યું. હવે આ વખતે બીજા પ્રકારની કસોટી આપીએ છીએ; કદાચ તમને જરા કઠિન લાગે, તો વડીલોને પૂછીને જાણી લેજો....આથી શાસ્ત્રજ્ઞાનમાં તમને રસ જાગશે.

| | |
|---|---|
| ૧. અરિહંતને ઓળખતાં આત્મા ઓળખાય છે. | |
| ૨. વીતરાગ–વિજ્ઞાન ત્રણ જગતમાં સારરૂપ છે. | |
| ૩ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. | |
| ૪ ‘હું એક શુદ્ધ સદા અરૂપી, જ્ઞાનદર્શનમય ખરે.’ | |
| ૫. दंसणमूलो धम्मो = ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. | |
| ૬. ‘णमो जिणाणं....जिद भवाणं ( ભવને જીતનારા જિનોને નમસ્કાર. ) | |
| ૭. જાણે–જુએ જે સર્વ, તે હું–એમ જ્ઞાની ચિંતવે. | |
| ૮. ‘परमात्मप्रकाशाय नित्यं सिद्धात्मने नमः’ | |
| ૯. णमो अरिहंताणं...णमो सिद्धाणं...णमो आइरियाणं... | |
| ૧૦. ‘અહો, અહો ! શ્રી સદ્ગુરુ કરુણાસિંધુ અપાર.’ | |

[ બંધુઓ, અહીં દશ શાસ્ત્રોમાંથી દશ વાક્યો આપ્યાં છે; અને નીચે દશ શાસ્ત્રોનાં નામ આપ્યાં છે. તો કયું વાક્ય કયા શાસ્ત્રનું છે તે તમારે ગોઠવી દેવાનું છે. ]

**ષટ્‌ખંડાગમ, પરમાત્મપ્રકાશ, છહઢાળા, પ્રવચનસાર, આત્મસિદ્ધિ, અષ્ટપ્રાભૃત, મોક્ષશાસ્ત્ર, નિયમસાર, પંચાસ્તિકાય, સમયસાર.**

# સાચા- ખોટાની પરીક્ષા ( ગતાંકનો જવાબ )

| | |
|---|---|
| ૧. ઇશ્વરે જીવને બનાવ્યો છે. ✘ | જીવ પોતે ઈશ્વર બને છે. ( સાચું ) |
| ૨. શુભરાગથી મોક્ષ મળે છે. ✘ | શુભરાગથી સંસાર મળે છે. ( સાચું ) |
| ૩. અરૂપી વસ્તુને જાણી શકાય નહિ. ✘ | અરૂપી વસ્તુને પણ જ્ઞાન જાણે છે. ( સાચું ) |
| ૪. આત્માને જ્ઞાનથી ઓળખી શકાય છે. ( સાચું ) | આત્માને કોઈ ઓળખી શકે નહિ. ✘ |
| ૫. જગતમાં કોઈ ઇશ્વર નથી. ✘ | જગતમાં સર્વજ્ઞ ઈશ્વર અનંતા છે. ( સાચું ) |
| ૬. ઈશ્વર જગતના કર્તા છે. ✘ | ઈશ્વર જગતના જ્ઞાતા છે . ( સાચું ) |
| ૭. શુભરાગ કરીએ તો ધર્મ થાય. ✘ | વીતરાગતા વડે ધર્મ થાય. ( સાચું ) |
| ૮. અરિહંત ભગવંતો ખાતા નથી. ( સાચું ) | અરિહંત ભગવંતો ખાય છે. ✘ |
| ૯. આત્મા ખોરાકથી જીવે છે. ✘ | આત્મા ખોરાક વગર જીવે છે. ( સાચું ) |
| ૧૦ .દેહ ને આત્મા જુદા છે. ( સાચું ) | દેહની ક્રિયા આત્મા કરતો નથી. ( સાચું ) |

લગભગ બધા જ બાળકોના જવાબો સાચા હતા. તે બદલ ધન્યવાદ.

## [ ધર્મવત્સલ બાલમિત્રોને સંપાદકનો પત્ર ]

બંધુઓ, સાચું સગપણ સાધર્મીનું ગણીને આપણા સૌમાં જે હાર્દિક પ્રેમ છે તે દેખીને હૃદય ઠરે છે....કેટલાક બાલસભ્યો તરફથી પર્યુષણપ્રસંગે ક્ષમાવણી પત્ર આવેલ છે; તેમને જુદા પત્રો લખી શકાયા નથી, પરંતુ બધા જ બાલબંધુઓ પ્રત્યે અંતરના સ્નેહપૂર્વક ક્ષમાપના !

બીજું અમદાવાદ, મોરબી, વીંછીયા, રાંચી, મુંબઈ, સોનગઢ, અમેરિકા, વઢવાણ વગેરે કેટલાક ગામોના સભ્યોએ પત્રદ્વારા કે રૂબરૂ ઉત્સાહપૂર્વક એવી ભાવના વ્યક્ત કરી છે કે પૂ. ગુરુદેવની મુંબઈમાં ૮૦ મી જન્મજયંતી પ્રસંગે અમે નાનાં– નાનાં બાળકો ( બાળવિભાગના બે હજાર સભ્યો ) પણ ગુરુદેવ પ્રત્યે ભક્તિ વ્યક્ત કરીએ ને કંઈક યાદગાર આયોજન કરીએ. બંધુઓ, તમારી આ ભાવના ઉત્તમ છે, ને મને ખાતરી છે કે બધા જ ગામોના બાલસભ્યો તેમાં સાથ પૂરાવશો...ને આ મહાન પ્રસંગને ભારતવ્યાપી બનાવીને શોભાવશો. તો દરેક ગામના તમે સૌ સભ્યો ઉત્સાહથી

ને આનંદથી ૮૦ મા જન્મોત્સવ માટે તૈયારી કરશો. કેટલાક સભ્યોએ તો તે માટે ૮૦ પૈસાથી માંડીને ૮૦ રૂા.ની મૂડી પણ ભેગી કરવા માંડી છે.–તમારી ભાવના ઉત્તમ છે. તેમાં પણ આપણા ધર્મપિતા પૂ. ગુરુદેવના ઉપકાર માટે આપણે જેટલું કરી શકીએ તેટલું કરવા જેવું છે. બંધુઓ, એક સૂચના ધ્યાનમાં રાખશો કે, ગામેગામના સભ્યો જ પોતપોતાના ગામ પૂરતી વ્યવસ્થા સંભાળે ને ખર્ચ પણ પોતે જ ભેગું કરે, – જેથી તે સંબંધીની વ્યવસ્થાનો બોજો સંપાદક ઉપર કે અહીંની સંસ્થા ઉપર ન આવે.

ત્રીજી એક અગત્યની સૂચના એ છે કે : જો ગામેગામના બાલસભ્યોમાંથી એક–બે ( કે જરૂર પ્રમાણે વધુ ) સભ્યો પ્રતિનિધિ તરીકે પોતાના ગામનું બાલવિભાગને લગતું કામ સંભાળે, તો સંપાદકને તે સંબંધી કામ ઘણું હળવું થઈ જાય.–કેમકે બે હજાર ઉપરાંત સભ્યોની બધી વ્યવસ્થા એકલા હાથે સંભાળવી બહુ મુશ્કેલ પડે છે. આથી આપણા ૨૦૦૦ સભ્યોનાં ચાર હજાર હાથ ભેગા થઈને કામ કરે તો કેવું સારૂં!! તો જે ઉત્સાહી ભાઈ પોતાના ગામના બાલવિભાગના પ્રતિનિધિ રીકે કામ કરીને સહકાર આપવા ચાહતા હોય તેઓ તુરત જ પોતાનું નામ સરનામું સંપાદકને જણાવશો.–તુરત જણાવશો જેથી આવતા અંકે તે નામો પ્રગટ કરી શકાય. પ્રતિનિધિને દરેક કાર્ય માટેની સલાહ–સૂચના સંપાદક તરફથી મળ્યા કરશે; તેમજ દરેક ગામના પ્રતિનિધિઓ પણ અરસપરસ એકબીજાના સંપર્કમાં રહ્યા કરશે.

૮૦મા જન્મોત્સવ પ્રસંગે દરેક ગામના બાલસભ્યો પોતપોતાના ગામ તરફથી એક હસ્તલિખિત અંક તૈયાર કરે ને તે અંકો ગુરુદેવને ૮૦ મા જન્મોત્સવ પ્રસંગે અર્પણ કરવા એવી પણ એક સૂચના આવેલ છે. મિત્રો, તમને બીજું ઘણુંય લખવાનું છે....પણ તે બધું આવતા અંકે.... जय जिनेन्द्र

**લી. તમારો ભાઈ હરિ.**

અમદાવાદમાં ૧૪૦ જેટલા સભ્યો છે. તે સભ્યોએ બાલવિભાગ સંબંધી કામકાજ માટે નીચેના ભાઈઓનો સંપર્ક સાધવો. બંને આપણા બાલવિભાગના ઉત્સાહી સભ્યો છે, ને બધા બાલમિત્રો પ્રત્યે સગા ભાઈ જેવો પ્રેમ ધરાવે છે :

( ૧ ) ચેતનકુમાર જૈન ( વિનોદચંદ્ર છોટાલાલ, ૫૫૪/૨ છીંકણીવાળીપોળ, અમદાવાદ )

( ૨ ) રોમેશકુમાર જૈન ( બાબુલાલ ગોપાલદાસ, માઉન્ટ કોર્મેલની ઉત્તરે, નવરંગપુરા )

બીજા ગામોની માહિતી હવે પછી પ્રગટ થશે; અને દરેક ગામના સભ્યોનું લીસ્ટ તે તે ગામના પ્રતિનિધિ ઉપર મોકલી આપશું.

નવા સભ્યોનાં નામ આગામી અંકમાં આપીશું.

સભ્ય થવા માટે તમારું નામ-સરનામું-ગામ, ઉમર-અભ્યાસ ને જન્મદિવસ એક પોસ્ટકાર્ડમાં લખીને, [ આત્મધર્મ બાલવિભાગ, સોનગઢ : સૌરાષ્ટ્ર ] એ સરનામે મોકલી આપો.

## ગુરુદેવ કહે છે :

### 'ભાઈ ! તારે ઘણું કામ કરવાનું છે'

ભાઈ, મનુષ્યપણાના થોડાકાળમાં આત્માનું તારે ઘણું કામ કરવાનું છે. અમુલ્ય રત્ન કરતાંય વધારે કિંમતી ક્ષણો ચાલી જાય છે.

શુદ્ધ જીવસ્વરૂપનો અનુભવ મોક્ષમાર્ગ છે, શુદ્ધસ્વરૂપના અનુભવ વિના જે કોઈ ક્રિયા છે તે સર્વ મોક્ષમાર્ગથી શૂન્ય છે. અનુભવદશામાં અશુદ્ધતાનો અભાવ થઈને આનંદનું વેદન છે; અનુભવજ્ઞાન સાથે આનંદની અસ્તિ ને રાગની નાસ્તિ છે, આવી દશા વગર મોક્ષમાર્ગ હોતો નથી. ધર્માત્માઓ અનુભવદશારૂપ જ્ઞાન, ને અશુદ્ધતાના અભાવરૂપ ક્રિયા-એવી જ્ઞાન-ક્રિયાની મૈત્રી સહિત શોભે છે.

આનંદની પ્રાપ્તિ ને દુઃખનો અભાવ-તે એક જ ભૂમિકામાં સમાય છે. ધર્મીને એવી ભૂમિકાના અનુભવવડે ચૈતન્યમય સુપ્રભાત ખીલે છે.

ભાઈ ! આ મનુષ્યપણું પામીને તને આત્મા મળ્યો કે નહીં ? બહારના સંયોગ મળ્યા તેમાં તો કાંઈ હિત નથી, અંદરની અનુભવદશામાં શુદ્ધ આત્માની પ્રાપ્તિ કર.

# વિ વિ ધ - સ મા ચા ર

દસલક્ષણીપર્વના દિવસોમાં સવારે કલશ–ટીકાના છેલ્લા ભાગના કળશો ઉપર પ્રવચન થયા હતા. તથા બપોરે સમયસાર–કર્તાકર્મઅધિકાર વંચાયો હતો. તે ઉપરાંત કાર્તિકેયસ્વામીની દ્વાદશઅનુપ્રેક્ષામાંથી ઉત્તમક્ષમાદિ દશ ધર્મોનું વાંચન થયું હતું.

શ્રી મુંબઈ મુમુક્ષુમંડળની વતી મુંબઈના ૮૦ જેટલા ભાઈ–બેનોએ સોનગઢ આવીને ૮૦મી જન્મજયંતિ મુંબઈ ઉજવવા માટે, અને તે પ્રસંગે ગુરુદેવને મુંબઈ પધારવા માટે વિનંતિ કરી હતી. જેનો ગુરુદેવે સ્વીકાર કર્યો છે. આ ઉપરાંત અમદાવાદ તથા રણાસણમાં પણ પંચકલ્યાણકપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ગુરુદેવને પધારવાની વિનંતિ ત્યાંનાં મુમુક્ષુમંડળ દ્વારા થઈ હતી,–તેનો પણ સ્વીકાર થયો છે. ગુજરાતના બીજા અનેક ગામોના, તેમજ રાજકોટ વગેરેના સંઘ તરફથી પણ વિનંતિ થયેલ છે. વિગતવાર કાર્યક્રમ હવે પછી નક્કી થયે જણાવવામાં આવશે.

છહઢાળા–પ્રવચનો, તથા જૈનધર્મની પહેલી ચોપડી વગેરે પુસ્તકો છપાવવાની વ્યવસ્થા ચાલે છે, તેના વિગતવાર સમાચાર હવે પછી.

છાપતાં છાપતાં સમાચાર મળે છે કે પ્રવચનમાં સમયસારની ચાલુ ગાથા ( ૭૪ ) પૂરી થતાં પ્રવચનસાર શાસ્ત્ર શરૂ થશે; એટલે આપ આ આત્મધર્મ વાંચતા હશો ત્યારે તો ગુરુદેવના પ્રવચનમાં પંચપરમેષ્ઠીને નમસ્કારરૂપ મુક્તિમંડપના મંગલવાજાં વાગતા હશે. બીજી તરફ કલશટીકા–પ્રવચનમાં થોડા કળશ બાકી છે તે થોડા દિવસમાં પૂર્ણ થતાં શ્રી સમયસાર–પરમાગમ ઉપર સોળમી વખત પ્રવચનો શરૂ થશે.

## વૈરાગ્ય-સમાચાર

* જામનગરના ભાઈશ્રી જયંતિલાલ હીરાચંદ ભણશાળીના માતુશ્રી કસ્તુરબા શ્રાવણ સુદ ત્રીજ ને રવિવારના રોજ ઘાટકોપર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. ગુરુદેવ પ્રત્યે તેમને ભક્તિભાવ હતો.
* ભાવનગરના ભાઈશ્રી વલ્લભદાસ ગુલાબચંદ તા.૨૨–૮–૬૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ કેટલાક વખતથી નિયમિતપણે સોનગઢ આવીને પૂ. ગુરુદેવના પ્રવચનનો લાભ લેતા હતા; અંતિમ માંદગીમાં પણ ગુરુદેવનું સ્મરણ કરતા ને ગુરુદેવના દર્શન કરવાની પણ ખાસ ભાવના હતી.

સ્વર્ગસ્થ આત્માઓ દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મશાંતિ પામો.

# આત્માની વાત

આ આત્માની વાત છે.

આત્માના અનુભવમાંથી નીકળેલી છે. ને આત્માને જ સમજાવે છે.

–તો આત્માને આત્માની વાત કેમ ન સમજાય ?

અમારો આત્મા કેવડો ?

અનુભવમાં જેટલો આવ્યો તેટલો અમારો આત્મા.

દ્રવ્ય–પર્યાયરૂપ શુદ્ધ વસ્તુને ઓળખતાં સાચો અનુભવ થાય છે.

## ચેતનભગવાનના ભેટા

આત્મા ચેતનસ્વભાવી ભગવાન છે.

રાગ–વિકલ્પ તો ચેતનથી વિરુધ્ધ જાત છે.

તેના વડે ચેતનભગવાનના ભેટા કેમ થાય ?

ચેતનભગવાનના ભેટા ચેતનભાવ વડે થાય;

રાગ વડે ન થાય.

અરે, અજ્ઞાનથી મારે રાગ સાથે કર્તાકર્મપણું છે, તે મને બંધનું ને દુઃખનું કારણ છે; આમ જાણીને તેનાથી છૂટવાનો જે કામી થયો છે,તેને આત્મામાંથી પ્રશ્ન ઊગ્યો છે કે પ્રભો! અજ્ઞાનથી થયેલી આ દોષપ્રવૃત્તિ ક્યારે ટળે? ક્યારે આત્મા જ્ઞાનમય થઈને આનંદને અનુભવે ને બંધનથી છૂટે?

આમ જેને અંદરથી જિજ્ઞાસાનો પ્રશ્ન ઊઠયો તેને આચાર્યદેવ કહે છે કે सुण ... સાંભળ!

જ્યારે આ જીવ આત્માના જ્ઞાનસ્વભાવને અને રાગાદિ આસ્રવોને જુદા ઓળખીને ભેદજ્ઞાન કરે છે ત્યારે તેને રાગાદિ સાથે કર્તાકર્મપણું છૂટી જાય છે, તે પોતામાં જ્ઞાનમયભાવને જ કરે છે. ત્યારે તેને જ્ઞાનમયપણાને લીધે બંધન થતું નથી; જ્ઞાન સાથે આનંદનો અનુભવ છે, પણ જ્ઞાન સાથે દુઃખનો અનુભવ નથી.

## મોંઘું તો ખરું, -પણ મળે તો છે!

* તમારામાં તો સમ્યગ્દર્શન બહુ મોંઘું બતાવો છો?

* ભલે મોંઘું, –પણ મળે તો છેને! બીજે તો સમ્યગ્દર્શન મળતું જ નથી, સોંઘું સમજીને લેવા જાય તો સાચો માલ નહિ મળે પણ બનાવટી મળશે. સાચું સમ્યગ્દર્શન મોંઘું તો છે જ, પણ સાચા પ્રયત્નવડે પ્રાપ્ત થઈ શકે છે.

# જીવનનું ધ્યેય :: એક ચર્ચા ::

બંધુઓ, જેમ તમે બાલસભ્યો ઘણીવાર ભેગા થઈને આનંદથી ધર્મચર્ચા કરો છો, તેમ કેટલાક મિત્રો ભેગા થઈને આનંદથી ચર્ચા કરતા હતા. તેમાં કોઈ મિત્રે પ્રશ્ન કર્યો કે આપણા જીવનનું ધ્યેય શું છે?

**એક મિત્રે કહ્યું :** અત્યારે B.A. ભણું છું ને ખૂબખૂબ ભણીને અમેરિકા જવાનું ધ્યેય છે.

**બીજા મિત્રે કહ્યું :** આપણે તો પરદેશ જવા કરતાં ભારતમાં જ રહી સ્વદેશની સેવા કરવાનું ધ્યેય છે.

**ત્રીજા મિત્રે કહ્યું :** અત્યારે દેશની રક્ષાનો મોટો પ્રશ્ન છે તેથી આપણે તો લશ્કરમાં સેવા આપીને, દુશ્મનદેશોને બતાવી આપવું છે કે ભારતના યુવાનો કેવા બહાદુર છે!!

**ચોથો મિત્ર :** આપણે તો વેપારમાં ઝંપલાવીને એક કરોડ રૂા.ભેગા કરવાનું ધ્યેય છે.

**પાંચમો મિત્ર કહે :** આપણને ધન ભેગું કરવાની કે પરદેશની અભિલાષા નથી, પણ આપણને મળેલું ભણતર બીજા બાળકોને શીખડાવવું તે ધ્યેય છે.

**છઠ્ઠો મિત્ર કહે :** આપણને તો પરભવની ચિન્તા છે, એટલે સારાંસારાં કામો કરીને બીજા ભવે સ્વર્ગમાં જઈએ એવું ધ્યેય છે.

**સાતમો મિત્ર કહે :** પરભવની કોને ખબર છે! પરભવની ચિન્તા કરી કરીને દૂબળા થવા કરતાં આપણે તો અત્યારે મોજમજાથી જીવવું ને જીંદગીમાં આનંદ ભોગવવો એ ધ્યેય છે.

**આઠમો મિત્ર :** આપણે તો બસ, ખાધેપીધે સુખી રહીએ ને થઈ શકે એટલી સાધુસંતોની સેવા કરીએ–એ સિવાય જીવનમાં બીજું શું જોઇએ ?

**નવમો મિત્ર :** દુનિયાના જીવો અત્યારે બહુ દુઃખી છે, તે દુઃખી જીવોની સેવામાં જીવન હોમી દેવું–એવું આપણું ધ્યેય છે.

**દશમો મિત્ર :** મને તો જીવનમાં એક જ ભાવના છે કે મારા આત્માને પ્રાપ્ત કરું! આત્માની શુદ્ધતા પ્રાપ્ત કરીને આ ભવદુઃખોથી છૂટું – એ જ મારા જીવનનું ધ્યેય છે.

બંધુઓ, તમને પણ આ દશ મિત્રોની સાથે ચર્ચામાં ભાગ લેવાનું મન જરૂર થયું હશે! તમે પણ તમારું ધ્યેય જણાવો! અથવા આ દશ મિત્રોમાંથી તમને કોનું ધ્યેય ગમ્યું–તે જણાવો.

## હે પંચપરમેષ્ઠી ભગવંતો ! પધારો મારા મુક્તિમંડપે...

શ્રાવણ વદ બીજના મંગલદિને પ્રવચનસારની નવી આવૃત્તિનું પ્રકાશન થયું....તે પ્રસંગે ઉલ્લાસકારી મંગલરૂપે પૂ. ગુરુદેવે પ્રવચનસારની પાંચ મંગલ ગાથાઓ ઉપર પ્રવચન કર્યું હતું....અહા ! ગુરુદેવ જાણે કે પંચપરમેષ્ઠી ભગવંતોનો સાક્ષાત્કાર કરાવતા હતા. પંચપરમેષ્ઠીથી જુદાપણું રાખીને નહિ પણ પંચપરમેષ્ઠીની સાથે ભળીને નમસ્કાર કઈ રીતે કરાય–તે ગુરુદેવ સમજાવતા હતા...એ વખતના રણકાર આત્મપ્રદેશોમાં હજી પણ ઝણઝણે છે.

આ પ્રવચનસાર તે ભગવાનની વાણીનો સાર છે.

પ્રારંભમાં પરમ આનંદને યાદ કરીને કહે કે પરમઆનંદનરૂપી સુધારસના પિપાસુ ભવ્ય જીવોના હિતને માટે આ પ્રવચનસારની ટીકા રચાય છે. આત્માનો નિર્વિકલ્પ અતીન્દ્રિયઆનંદ તેની જેને તરસ લાગી છે એવા પિપાસુ જીવોને તૃપ્તિ કરવા માટે આ શાસ્ત્ર રચાયું છે.

શાસ્ત્રકાર કુંદકુંદાચાર્યદેવ કેવા છે ? તેમની ઓળખાણ કરીને અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે તે આસન્ન ભવ્ય મહાત્માને સંસારસમુદ્રનો કિનારો નિકટ છે; તેમની વાણીના વાચ્ય દ્વારા હજાર વર્ષે પણ નિઃશંક નિર્ણય થઈ ગયો કે અહો, સંસારસમુદ્રનો કિનારો તેમને નજીક આવી ગયો છે; સાતિશય વિવેકજ્યોત તેમને પ્રગટ થઈ છે. **જુઓ, અનુભવીને બીજા અનુભવીની દશા ઓળખાઈ જાય છે.** સાતિશય એવું ભેદજ્ઞાન થયું છે કે જે વૃદ્ધિગત થઈને અપ્રતિહતપણે કેવળજ્ઞાન જ લેશે. જેમ સાતિશય સાતમું ગુણસ્થાન તેને કહેવાય કે જે ઊંચે જ ચડે એટલે કે શ્રેણી માંડે. તેમ કુંદકુંદ સ્વામીને એવી સાતિશય જ્ઞાનજ્યોત પ્રગટી છે કે જે અપ્રતિહતપણે કેવળજ્ઞાન લેશે. તેમને અનેકાન્તવિદ્યાના બળે સમસ્ત એકાન્તવાદની વિદ્યાનો આગ્રહ અસ્ત થઈ ગયો છે; તથા સમસ્ત પક્ષનો પરિગ્રહ છૂટી ગયો છે એટલે અત્યંત મધ્યસ્થ થઈ ગયા છે. મધ્યપણે વસ્તુ–સ્વરૂપ જેમ છે તેમ કહ્યું છે. તેમણે સર્વ પુરુષાર્થમાં શ્રેષ્ઠ અને આત્માના ઉત્તમ હિતરૂપ એવી મોક્ષલક્ષ્મીને ઉપાદેય કરી છે, કેવી છે મોક્ષલક્ષ્મી ?–કે ભગવાન પંચપરમેષ્ઠીના પ્રસાદથી જેની પ્રાપ્તિ થાય છે; જે પરમાર્થ સત્ય છે ને અક્ષય છે. આવી મોક્ષલક્ષ્મીને ઉપાદેયપણે નક્કી કરીને પોતે સર્વ આરંભથી મોક્ષમાર્ગનો આશ્રય કરે છે; મંગળરૂપે વર્તમાન તીર્થના નાયક શ્રી મહાવીર ભગવાનને અને પંચપરમેષ્ઠી ભગવંતોને પ્રણમન અને વંદનરૂપ નમસ્કાર કરીને પોતે સર્વઆરંભથી મોક્ષમાર્ગનો આશ્રય કરે છે. ને શુદ્ધોપયોગરૂપ સામ્યભાવની પ્રાપ્તિની પ્રતિજ્ઞા કરે છે.–શરૂઆતની પાંચ અલૌકિક મંગળગાથાઓમાં

અમૃતચંદ્રાચાર્યદેવે આટલો તો મહાન ઉપોદ્‌ઘાત લખીને કુંદકુદાચાર્યદેવની ઓળખાણ આપી, ને બહુમાન કર્યું. પછી પાંચ ગાથા દ્વારા પંચપરમેષ્ઠી ભગવંતોને ભાવભીના નમસ્કાર કરતાં શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે હું શુદ્ધોપયોગરૂપ સાક્ષાત્ મોક્ષમાર્ગને અંગીકાર કરું છું

'હું' તીર્થનાયક વર્દ્ધમાનદેવને નમસ્કાર કરું છું; 'હું' કેવો છું? કે સ્વસંવેદનપ્રત્યક્ષ દર્શનજ્ઞાનસામાન્યસ્વરૂપ હું છું. આવો હું; આરાધ્ય–આરાધક બંને ભાવોને મારામાં જ સમાવીને પંચપરમેષ્ઠીને અભેદ નમસ્કાર કરું છું. પંચપરમેષ્ઠી ભગવંતો જેવા વીતરાગ છે, તેમને નમસ્કાર કરતાં હું પણ તેવો વીતરાગ થઈ જાઉં છું, એટલે હું વંદન કરનાર ને પંચપરમેષ્ઠી મારે વંદન કરવા લાયક – એવો વિકલ્પ છૂટી જાય છે....ને શુદ્ધપયોગ થાય છે.

પંચપરમેષ્ઠીને નમસ્કાર કરનાર પોતે પોતાને સ્વસંવેદનપ્રત્યક્ષ અનુભવે છે; સ્વસંવેદનપ્રત્યક્ષ કહેતાં તેમાં રાગાદિનો અભાવ આવી જ ગયો. સ્વસંવેદન વગર પંચપરમેષ્ઠીને પરમાર્થ નમસ્કાર થતા નથી. જાુઓ, આ વીતરાગી સન્તની દશા! આ મોક્ષનો સ્વયંવર મંડાયો છે તેનું મંગળાચરણ થાય છે–આજે મંગળ દિવસ છે.

'આ....હું' એમ પોતે પોતાને સાક્ષાત્ નજરમાં લઈને (સ્વસંવેદન વડે પ્રત્યક્ષ કરીને) પંચપરમેષ્ઠીને નમસ્કાર કરે છે. હું પોતે વર્તમાન શુદ્ધોપયોગરૂપ થઈને અભેદ નમસ્કાર કરું છું–એમ પંચમકાળના મુનિ નિઃશંક કહે છે. વંદન કરનાર કેવા હોય તે પણ આમાં આવ્યું. પંચપરમેષ્ઠીને વંદન કરતાં વિકલ્પ તોડીને હું પોતામાં જ નમું છું. પોતે પોતામાં નમતાં પંચપરમેષ્ઠીને નમસ્કાર સ્વયમેવ થઇ જાય છે; –ભાવ્ય–ભાવકનો ભેદ ત્યાં રહેતો નથી. જુઓ, આ અપૂર્વ મંગળિક! આવો ભાવ પોતામાં જેણે પ્રગટ કર્યો તેના ઉપર પંચ પરમેષ્ઠીભગવંતોની પ્રસન્નતા થઈ. આજે ચંપાબેનનો જન્મ દિવસ છે ને મહા મંગળપૂર્વક આ શાસ્ત્ર શરૂ થાય છે.

અહો, મુક્તિના સ્વયંવરમંડપમાં પરમનિર્ગ્રંથતાની દીક્ષાના આનંદમય પ્રસંગે કુંદકુંદાચાર્ય પંચપરમેષ્ઠી ભગવંતોને બોલાવે છે–તેનું ભાવભીનું વિવેચન સાંભળતાં શ્રોતાજનો વારંવાર હર્ષવિભોર બની જતા હતા...જાણે સિદ્ધભગવંતો પધાર્યા હોય....જાણે સીમંધરાદિ તીર્થંકર ભગવંતો પધાર્યા હોય–એવો હર્ષ છવાઈ જતો હતો. પંચપરમેષ્ઠીનો સાક્ષાત્કાર કરાવીને ગુરુદેવ ભાવથી કહેતા કે અહો, ભગવંતો! આપને મારા જ્ઞાનમાં બિરાજમાન કર્યા છે એટલે હું પણ આપની પંક્તિમાં બેસનાર છું. અનંત અરિહંતો–સિદ્ધો, ને જગતના પંચપરમેષ્ઠી ભગવંતોની નાત ભેગી કરીને મોક્ષનો મોટો ઉત્સવ કરીએ છીએ...તેમાં હે પંચપરમેષ્ઠી ભગવંતો! આ મુક્તિના મંડપમાં આપ પધારો...આપના પધારવાથી અમારી શોભામાં વૃદ્ધિ થશે...આમ મોક્ષના માંડવા રોપીને મહા મંગળપૂર્વક પ્રવચનસાર–શાસ્ત્ર શરૂ કર્યું છે.. તેમાં આચાર્યદેવે અરિહંતોનો માર્ગ પ્રસિદ્ધ કર્યો છે, ને એ રીતે પરમાગમ દ્વારા જગતને પરમ આનંદની ભેટ આપી છે.

• • • • •

# શ્રાવણ વદ બીજની ભેટ



**શ્રા**વણ વદ બીજ એ આનંદનો દિવસ હતો. શ્રી પ્રવચનસાર–પરમાગમની નવી આવૃત્તિનું તે દિવસે પ્રકાશન થયું. ભાઈશ્રી હિંમતલાલભાઈ જે. શાહ પ્રસન્નતાપૂર્વક પૂ. ગુરુદેવને તે પરમાગમ અર્પણ કરી રહ્યા છે.....

ગુરુદેવે ઝીકઝાકથી શોભતું તે પુસ્તક હાથમાં તો લીધું....જોયું....ને તરત જ હિંમતભાઈને પાછું આપવા માંડયું. હિંમતભાઈ તો આશ્ચર્યમાં પડી ગયા...ત્યાં તો તે આશ્ચર્યમાં ઉમેરો કરતાં ગુરુદેવે કહ્યું કે આ પુસ્તક બેનને આપો...હિંમતભાઈ કહે–'સાહેબ, આ તો આપના માટે ખાસ કરાવ્યું છે!' ત્યારે ગુરુદેવ કહે–ભલે; પણ હું બેનને ભેટ આપું છુંને!

અંતે સભાના હર્ષનાદ વચ્ચે ગુરુદેવની વતી એ ભેટ ભાઈશ્રી હિંમતભાઈએ પૂ. બેનશ્રીને અર્પણ કરી.

ગુરુદેવ દ્વારા અપાતી જિનાગમની ભેટનું એ દૃશ્ય દેખીને જયધવલાનું એ કથન યાદ આવતું હતું કે જેમાં જિનવચનોને 'પરમાનન્દ–પાહુડ' કહેલ છે –કેમકે તેના દ્વારા જિનભગવાને ભવ્યજીવોને માટે 'પરમ આનંદ' ની ભેટ મોકલી છે. અહા! આવા આનંદના દાતાર...ને આનંદના લેનાર સન્તોને નજરે નીહાળીને કોને આનંદ ન થાય!

# મહાવીરપ્રભુનાં સૌ સન્તાન છે તૈયાર...... છે તૈયાર.......

બાલવિભાગના સભ્ય એટલે વીરપ્રભુના સન્તાન, વીરપ્રભુના સન્તાનો કેવા કેવા ઉત્તમ કાર્યો કરવા માટે તૈયાર હોય તે આ કૂચગીતમાં બતાવ્યું છે. દરેક બાળકને ઉત્સાહ પ્રેરે એવું આ બાલસભ્યોનું કૂચગીત સૌને ગમશે; રથયાત્રા, પ્રભાતફેરી વગેરે પ્રસંગે આ ગીત ગાઈ શકાય. આ ગીતના પ્રેરક છે બ્ર. વિદ્યાબેન જૈન (મોરબી)–જેઓ સંસ્કારી બાલશિક્ષણના ખૂબજ હિમાયતી છે.

## (જૈનબાળકોનું કૂચગીત)

મહાવીર પ્રભુનાં સૌ સન્તાન.... છે તૈયાર છે તૈયાર.
જિનશાસનની સેવા કરવા છે તૈયાર છે તૈયાર.
સિદ્ધ પદનું સ્વરાજ લેવા છે તૈયાર છે તૈયાર.
અરિહંત પ્રભુની સેવા કરવા, છે તૈયાર છે તૈયાર.
જ્ઞાની ગુરુની સેવા કરવા, છે તૈયાર છે તૈયાર.
તીર્થધામની યાત્રા કરવા છે તૈયાર છે તૈયાર.
જૈનધરમનાં શાસ્ત્રો ભણવા છે તૈયાર છે તૈયાર.
શાસન માટે જીવન દેવા.... છે તૈયાર છે તૈયાર.
સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા છે તૈયાર છે તૈયાર.
સમ્યગ્જ્ઞાનની જ્યોત જગાવા.. છે તૈયાર છે તૈયાર.
સાધુદશાનું સેવન કરવા છે તૈયાર છે તૈયાર.
મોહશત્રુને જીતી લેવા.... છે તૈયાર છે તૈયાર.
વીતરાગી નિર્મોહી થાવા... છે તૈયાર છે તૈયાર.
આતમ ધ્યાનની ધૂન મચાવા... છે તૈયાર છે તૈયાર.
જ્ઞાયકનો પુરુષાર્થ કરવા.... છે તૈયાર છે તૈયાર.
વીરના માર્ગે દોડી જાવા.... છે તૈયાર છે તૈયાર.
મોક્ષના દરવાજા ખોલવા... છે તૈયાર છે તૈયાર.
સંસારસાગર પાર ઉતરવા છે તૈયાર છે તૈયાર.
સિદ્ધપ્રભુની સાથે રહેવા છે તૈયાર છે તૈયાર.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (પ્રત : ૨૫૦૦)